કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયઠ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, રતાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી,ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
તા.૦૪ મે, ૨૦૨૪ શનિવાર
E-mail : kutchuday@gmail.com
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૯૬◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર વદ - ૧૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# જનતાની તાકાત ભાજપની મુડી : પીએમ

**ઝારખંડના પલામુમાં વડાપ્રધાને વિશાળ જનસભાને કર્યુ સંબોધન : મોદીની ગેરંટી, ભાજપની વિકાસગાથા, વિકસીત ભારત, આત્મનિર્ભર ભારત, સુરક્ષિત રાષ્ટ્ર, સર્વાંગી વિકાસ સહિતના મુદાઓ મોદીના ઉદબોધનમાં છવાયા**

નવી દીલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પલામુના ચિંકી એરપોર્ટ મેદાનમાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી અને લોકોને ભાજપના ઉમેદવારની તરફેણમાં મત આપવા અપીલ કરી. પોતાના સંબોધનમાં તેમણે ઈન્ડિયા એલાયન્સ પર નિશાન સાધ્યું હતું. સભાને જોઈને વડાપ્રધાને કહ્યું કે તમે કોંગ્રેસ અને જેએમએમને દિવસ દરમિયાન જ તારા બતાવ્યા છે. તેમણે કહ્યું કે આ શહીદો નીલાંબર અને પિતાંબરની ભૂમિ છે અને અહીં આવનાર માતાઓ અને બહેનોના પ્રેમ અને આશીર્વાદને હું ભૂલી શકતો નથી. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કોંગ્રેસ સરકારને નબળી ગણાવી અને ફરી એકવાર દેશમાં મજબૂત સરકાર બનાવવાની અપીલ કરી. જેએમએમ-કોંગ્રેસના નેતાઓએ ભ્રષ્ટાચાર દ્વારા અપાર સંપત્તિ બનાવી છે ભારતીય ગઠબંધન પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, જેએમએમ-કોંગ્રેસના નેતાઓએ ભ્રષ્ટાચાર દ્વારા અપાર સંપત્તિ બનાવી છે. સંપત્તિ હોય, રાજનીતિ હોય, તેઓ પોતાના બાળકો માટે બધું જ કમાઈ રહ્યા છે. તેઓ તેમના વારસા તરીકે ઘણું કાળું નાણું છોડી જશે. પીએમ મોદીએ કહ્યું. કોંગ્રેસના રાજકુમારો મોદીના આંસુમાં ખુશી શોધી રહ્યા છે. કહેવાય છે કે મોદીના આંસુ સારા લાગે છે. આ નિરાશ લોકો હવે હતાશ થઈ ગયા છે. કહેવત છે- પત્નીના પગ ફાટે નહીં તો અજાણ્યાની પીડા શું જાણશે કોંગ્રેસના રાજકુમારની હાલત પણ એવી જ છે. પીએમ મોદીએ કહ્યું, તમારા આ એક વોટની શક્તિને કારણે આજે ભારત સમગ્ર વિશ્વમાં તરંગો મચાવી રહ્યું છે. ૨૦૧૪માં તમે તમારા એક વોટથી કોંગ્રેસની ભ્રષ્ટ સરકારને હટાવી દીધી પીએમ મોદીએ કહ્યું. તમે તમારા વોટનું મહત્વ સારી રીતે જાણો છો. ૨૦૧૪માં તમારા એક મતે એવું કામ કર્યું કે આખી દુનિયા ભારતની લોકશાહીની તાકાતને સલામ કરવા લાગી. ૨૦૧૪માં તમે તમારા એક વોટથી કોંગ્રેસની ભ્રષ્ટ સરકારને હટાવી દીધી હતી. તમારા એક વોટથી ભાજપ-એનડીએ સરકાર બની. તમારા દરેક મતની



**PMનો પ્રચારઃ મોદી મોજ નહીં મિશન માટે આવ્યા છે : તમારા મતે અમને નક્સલવાદમાંથી મુક્ત કર્યાઃ PM તમે કોંગ્રેસ અને જેએમએમને દિવસ દરમિયાન જ તારા બતાવ્યા છે : ૨૦૧૪માં તમે તમારા એક વોટથી કોંગ્રેસની ભ્રષ્ટ સરકારને હટાવી દીધી**

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યમાં આવતીકાલ સાંજથી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થશે

**ભાજપ કોંગ્રેસના ઉમેદવારોએ છેલ્લી ઘડીના પ્રયાસ રૂપે પોતાના મત વિસ્તારમાં રોડ શો કરી મતદારો સુધી પહોંચીને પ્રચાર કરવા તાકાત લગાવી**

ગાંધીનગરઃ ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૫ લોકસભા બેઠકો માટે ૭મી મેના રોજ મતદાન યોજાનાર છે. આવતી કાલ સાંજ થી ગુજરાતની તમામ લોકસભા બેઠક પર ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ જશે. ૭મી મેના રોજ રાજય ની ૨૫ લોકસભા બેઠકો પર મતદાન યોજાનાર હોય આવતીકાલ સાંજ થી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ જશે ચૂંટણી પ્રચાર માટે હવે માત્ર આજ અને કાલ બે દિવસ છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ છેલ્લી ઘડીના પ્રયાસ રૂપે તેમના મત વિસ્તારમાં રોડ શો કરીને સમગ્ર વિસ્તારમાં લોક સંપર્ક શરૂ કર્યો છે. રાજ્યમાં આ વખતે ભાજપના રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા ના નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં ઉઠેલો રોષ અને ક્ષત્રિય સમાજે આંદોલન શરૂ કર્યું હતું જે સમગ્ર રાજ્યમાં પ્રસરતા આ વખતે રાજ્યમાં ચૂંટણી પ્રચારમાં જોઈએ તેવો માહોલ જામ્યો ન હતો. ભાજપ દ્વારા તમામ ૨૬ બેઠકો પર આક્રમકતા સાથે ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો હતો પરંતુ મોટાભાગનો સમય ભાજપની પ્રદેશ નેતાગીરીને ક્ષત્રિય સમાજના આંદોલનને ડામવા માટે ડેમેજ કંટ્રોલ એક્સરસાઈઝમાં પસાર થયો હતો. આ વખતે ચૂંટણી પ્રચારમાં ભાજપ અને કોંગ્રેસના ખૂબ જ ઓછા નેતાઓ ચૂંટણી પ્રચારમાં મેદાનમાં ઉતર્યા હતા. ભાજપમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા ,રાજનાથ સિંહ સહિત ૪ થી ૫ રાષ્ટ્રીય નેતાઓ આ વખતે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવ્યા હતા. જ્યારે કોંગ્રેસમાં માત્ર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે રાહુલ ગાંધી પ્રિયંકા ગાંધી અને અશોક ગહેલોત ચૂંટણી પ્રચારમાં આવ્યા હતાં. ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે હવે માત્ર બે દિવસ જ છે ત્યારે ભાજપ

અનુસંધાન પાના નં.૪ પર

## શહેજાદા મુદ્દે પ્રિયંકાનો શહેનશાહ પર પ્રહાર

ગાંધીનગરઃ બનાસકાંઠા જિલ્લાના લાખણીમાં કોંગ્રેસના પ્રિયંકા ગાંધી ચૂંટણી પ્રચારમાં પહોંચ્યા છે. ચૂંટણી સભામાં ગુજરાત કોંગ્રેસના તમામ મોટા નેતાઓ પણ હાજર રહ્યા છે. રેલીને પહેલા ગેનીબેન ઠાકોરે સંબોધન કર્યું હતું. બાદમાં પ્રિયંકા ગાંધીએ અંબામાની જય બોલાવીને સભાનો પ્રારંભ કરાવ્યો હતો. . ત્યારબાદ તેમને કહ્યું કે, તમે મારી આટલી રાહ જોઈ તે બદલ આભારી છુ. આંદોલન કરવાનો અધિકાર બંધારણે આપ્યો હોવાનું જણાવ્યું



હતું.સંવિધાનથી દેશના તમામ વ્યક્તિઓને વોટ આપવાનો અધિકાર મળ્યો છે.

દેશમાં અનામત પણ સંવિધાન ના આધારે મળી છે. ત્યારબાદ પ્રિયંકા ગાંધીએ પીએ મોદી સામે વાક્ પ્રહારો કર્યા હતા. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે PM નરેન્દ્ર મોદીએ જનતાના અધિકારો ઓછા કર્યા છે. જે અધિકાર તમને મળ્યા છે તેમાં ભાજપ ઘટાડો કરશે. પીએમ મોદી ગુજરાતમાંથી કેમ ચૂંટણી નથી લડતા. પીએમ મોદી ગુજરાત બહાર જઈ કેમ ચૂંટણી લડે છે તેવો પ્રિયંકા ગાંધીએ સવાલ ઉઠાવ્યો હતો. પીએમ મોદી પોતાના મહેલમાં બંધ છે. ભાજપના નેતાઓ કહે છે કે, ભાજપ જીતશે તો સંવિધાન બદલાઈ જશે, એટલે પહેલી વાત સંવિધાનની વાત કરવી છે. મોંઘવારીના કારણે ગરીબ અને મધ્યમ વર્ગની વ્યથા Pm શું જાણે. હું તમને વિશ્વાસ આપુ છું કે અમારી સરકાર માં તમારી વાત દેશમાં કરીશું. દેશની મહિલા પહેલવાન જ્યારે મેડલ લાવી ત્યારે મોદીએ એમની સાથે ફોટો પડાવી કીધું કે મોદી હૈ તો મુમકિન હે. પણ જ્યારે મહિલા પહેલવાન સાથે અત્યાચાર થયો અને ન્યાય માંગ્યો ત્યારે મહિલા પહેલવાનો ને ન્યાય નાં મળ્યો, અત્યાચાર કરનારના પુત્રને ભાજપે ટીકીટ આપી છે. રાહુલ ગાંધીએ ચાર હજાર કિલોમીટરની યાત્રા કરી છે. હું મારા પિતા સાથે એમના મતક્ષેત્રમાં જતી હતી ત્યારે જો ગામમાં કોઈ સુવિધા લોકોને નહોતી મળતી ત્યારે લોકો નેતાઓને ફરિયાદો કરતા હતા. પ્રિયંકા ગાંધીએ

અનુસંધાન પાના નં.૪ પર

## જય ભવાની-ભાજપ જવાની : જામનગરના અસ્તિમતા સંમેલનમાં લાગ્યા નારા

**પીએમ મોદીની જાહેરસભાના બીજા દિવસે જામનગરમાં વિશાળ ક્ષત્રિય સંમેલન, કોંગ્રેસને મત આપવા નિર્ધાર**

ગાંધીનગર : રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપ ઉમેદવાર પરષોત્તમ રુપાલાએ રાજા-રજવાડાઓ અંગે કરેલી ટિપ્પણી બાદ સમગ્ર ગુજરાતના ક્ષત્રિયોમાં રોષ જોવા મળી રહ્યો છે. પોતાના નિવેદન બદલ રૂપાલાએ વારંવાર માફી માંગી હોવા છતાં ક્ષત્રિય સમાજ દ્વારા તેમની ટિકિટ રદ કરવા ભાજપને અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતુ. જો કે ભાજપ હાઈકમાન્ડે રુપાલાને યથાવત રાખતા ક્ષત્રિયોનું આંદોલન વધુ ઉગ્ર બન્યું છે અને તે હવે રુપાલા પુરતુ સિમિત ના રહેતા ભાજપ વિરોધી બની ગયું છે.પીએમ મોદીની મુલાકાત બાદ જામનગર ખાતે પણ ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન મળ્યું હતુ. જેમાં તમામ ક્ષત્રિયોએ ભાજપને હરાવવા માટે હુંકાર કર્યો હતો. આ સાથે જ સંમેલનમાં જય ભવાની, ભાજપ જવાનીના નારા લગાવવામાં આવ્યા હતા. આ સંમેલનમાં સંબોધન કરતાં સંકલન સમિતિના કરણસિંહ ચાવડાએ જણાવ્યું કે, પરષોત્તમ રુપાલાએ માફી માંગવામાં પણ અક્કડ બતાવી. તેમણે કહ્યું કે, મારો રેકોર્ડ રહ્યો છે કે, હું એકવાર બોલેલું વાક્ય પાછું ખેંચતો નથી. મારા ભાજપને નુકસાન થતું હોવાથી માફી માંગુ છું. આને માફી કહેવાય? ગુજરાત કરણીસેનાના ઉપ ાધ્યક્ષ દોલતસિંહ જાડેજાએ જણાવ્યું કે, ૨૪ એપ્રિલથી

અનુસંધાન પાના નં.૪ પર

## ફરી એક વખત મહિલાઓને ચૂંટણી લડવાનો પૂરો હક્ક ન મળ્યો

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : લોકસભા ચૂંટણી પૂર્વે રાજયોની ધારાસભા ચૂંટણીઓમાં પણ મહિલા મતદારોએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને દેશના ૫૦ ટકા જેટલા મતદારો મહિલાઓ હોવા છતાં પણ રાજકીય પક્ષોએ ફરી એક વખત લોકસભામાં ટીકીટ વહેંચણીમાં મહિલાઓનો હકક છીનવી




લીધો છે તે નિશ્ચિત થાય છે.

આ ચૂંટણી પૂર્વે જ મોદી સરકારે સંસદ અને વિધાનસભામાં ૩૩ ટકા મહિલા અનામત લાગુ કરવા માટેનો ખરડો મંજૂર કરાવ્યો પરંતુ તેના અમલની તારીખ આપી નહીં અથવા તો તે ૨૦૨૯ સુધી લાગુ થઈ શકશે નહીં તે નિશ્ચિત કર્યુ આમ પાંચ વર્ષ પછીની ચૂંટણીમાં ભાજપે એક નવી વોટબેંક બનાવવા માટેનો નેરેટીવ સેટ કરી લીધો છે.ભાજપ પોતાની સંગઠન તાકાત, નરેન્દ્ર મોદીનો કરીશ્મા અને સરકારી યોજનાના લાભાર્થીઓની એક વોટબેંક સર્જીને વિજય મેળવવા આતુર છે પણ કાનુનની ગેરહાજરીમાં પણ રાજકીય પક્ષો મહિલા

અનુસંધાન પાના નં.૪ પર

***હું નમન કરીશ ગુજરાતની સાણી જનતાને, મારા સલામ છે, પક્ષના લાખો કાર્યકર્તાઓને.!***

## ક્ષત્રિય આંદોલન મુદ્દે શકિતસિંહ ગોહીલનો મોટો ધડાકો : રૂપાલા વિવાદથી સર્જાયેલ કુરૂક્ષેત્રમાં ભાજપને પડશે ફટકો



**ક્ષત્રિય આંદોલનથી ભાજપને કેટલુ નુકસાન, કોંગ્રેસને કેટલુ ફાયદો થશે? હવે રાજનૈતિક સમીકરણો કેમ બદલાઈ ગયા છે? જાણીએ પ્રદેશ કાંગ્રેસ અધ્યક્ષના વિચારો : કોંગ્રેસ છોડી જનારાઓ મામલે પણ શ્રી ગોહીલે આપી આંકડાકીય અભ્યાસ સાથેની સચોટ પ્રતિક્રીયા : જે ગયા છે તે મજબુરીમાં કે લાલચમાં ગયા છે, પરંતુ આંગળીના વેઢે ગણાય તેટલા જ ગયા છે, કોંગ્રેસ કાર્યકર્તાઓનો પક્ષ છે અને મને મારા કાર્યકર્તાઓ પર વિશ્વાસ છે**

ગાંધીધામ : ક્ષત્રિય આંદોલન મુદે શકિતસિહ ગોહીલનો મોટો ધડાકો કર્યો છે. એટલુ માત્ર જ નહી પરંતુ રૂપાલાના નિવેદનથી જો અપમાન થયુ છે તો પછી રાહુલ ગાંધીએ આપેલા નિવેદન શું છે? આ ઉપરાંત ક્ષત્રિયઆંદોલનથી ભાજપને કેટલુ નુકસાન, કોંગ્રેસને કેટલુ ફાયદો થશે? હવે રાજનૈતિક સમીકરણો કેમ બદલાઈ ગયા છે? આવા વિષયો બાબતે ઈલેક્ટ્રોનીક મીડીયામાં બોલતા ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શ્રી ગોહિલે કહ્યુ કે, રૂપાલાજી મારફતે જે વાણીવિલાસ થયો તે એક જાતી સમુદાય પુરતો નથી, પરંતુ આખાય દેશની બહેનોનું અપમાન કરવામા આવ્યુ છે. આ વિવાદ ઉભો થયા બાદ લોકોની માંગ શુ હતી? માત્ર રૂપાલાજીની ટિકિટ કાપવાની હતી. પરંતુ અહંકારમાં રાચાતા ભાજપ અને તેના નેતાઓએ તેનાથી વિપરીત જ કર્યુ? શ્રી મહાભારતમાં પાંચ ગામ પાંડવોએ માંગ્યા અને કૌરવોનો અહંકાર એમ કહે કે, પાંચ ગામ તો શું સોયના નાકા જેટલી પણ જગ્યા નહી અપાય અને બાદમાં કુરૂક્ષેત્રનું યુદ્ધ રચાઈ ગયુ હતુ જે આપણે સૌ જાણીએ છીએ. અહી પણ ભાજપના અહંમકારમાં તેઓએ રૂપાલા વિવાદ મામલે મૌન સેવી અને રૂપાલાને આ વિવાદમાં સમર્થન આપ્યુ છે અને તેના લીધે જ હવે ભાજપ ચોકકસથી તેનો ભોગ પણ બનશે. પરીણામો જયારે આવશે ત્યારે ભાજપને સત્ય બખુબીથી સમજાઈ જશે. શ્રી ગોહીલે રૂપાલાના નિવેદનને લઈને જે વાત કરી હતી તેની સાથે જ રાહુલ ગાંધીનુ પણ રાજા-મહારાજાઓ માટે આપેલ નિવેદનના વિવાદ મામલે પણ છણાવટ કરી હતી. તેઓએ કહ્યુ હતુ કે, એક જમીન માટેની લડાઈ એ બહેન-દિકરીની સરખામણી કરવી તે કેટલુ ઉચિત કહેવાય..?આ ઉપરાંત કોંગ્રેસ છોડી ભાજપમાં દિગ્ગજો જતા રહ્યા છે એ બાબતે શકિતસિહ ગોહીલે કહ્યુ હતુ કે, અહેમદભાઈની ચૂંટણી વખતે ૧૭ જેટલા લોકો કોંગ્રેસ છોડી ભાજપમાં ગયા હતા. હુ સલામ કરીશ મારા ગુજરાતના મતદાતાઓને, નમન કરીશ ગુજરાતની શાણી જનતાને કે, આ ૧૭માથી તે વખતે માત્ર બેજ સભ્યો ચૂંટાયા હતા. એક જામનગરથી હકુભા જાડેજા અને બીજા હતા અને બીજા સી કે રાઉલજી. એટલે પક્ષ પલ્ટો હવે ગુજરાતની પ્રજા પણ સાંખી નથી લેતી તે આ પરીણામો પરથી ફલિત થવા પામી જ રહ્યું છે. આ તબક્કે શકિતસિહ ગોહીલે કહ્યુ હતુ કે, આ તબક્કે હું સલામ કરીશ મારા કાર્યકર્તાઓને. મારા લાખો કાર્યકરો ગરીબ હશે, ગામડાઓમાં રહેતા હશે પરંતુ ખરેખર તેઓની પક્ષનિષ્ઠાને સલામ કરવા જેવુ છે, આટલા વરસોથી ગુજરાતમાં સત્તા ન હોવા છતા પક્ષનો સનિષ્ઠ સૈનિક બની અને સંગઠનમાં સંકલ્પબદ્ધતા સાથે સદાય મહેનત કરવા તત્પર રહેતો હોય છે. કોંગ્રેસને માટે કાર્યકર્તા તેની મોટી મુડી છે. અમુક નેતાઓ જેઓને ખુબ મળ્યુ છે, પક્ષે ઘણુ આપ્યુ છે તેઓ પક્ષ છોડીને ગયા છે પરંતુ મારૂમાનવુ છે કે યા તો તેઓ મજબુરીમા ગયા હશે અથવા તો લોભ-લાલચમાં ગયા હશે. પરંતુ આવા આગેવાનો બહુ નહી આંગડીના વેઢે ઘણી શકાય તેટલા માત્ર જ ગયા છે. એકંદરે ક્ષત્રીય આંદોલનથી ભાજપને મોટો ફટકો પડશે તેવો હુંકાર શ્રી ગોહીલે આ તબક્કે કર્યો હતો.

## નેપાળમાં ૧૦૦ રૂપિયાની નવી નોટમાં વિવાદિત વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : માહિતી અને સંદેશાવ્યવહાર મંત્રી રેખા શર્માએ કહ્યું, "૨૫ એપ્રિલ અને ૨ મેના રોજ યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે ૧૦૦ રૂપિયાની બેંક નોટને ફરીથી ડિઝાઈન કરવા અને બેંક નોટની પૃષ્ઠભૂમિમાં છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી." નેપાળે શુક્રવારે નકશા સાથે ૧૦૦ રૂપિયાની નવી નોટ છાપવાની જાહેરાત કરી હતી. આ નોંધો લિપુલેખ, લિમ્પિ યાધુરા અને કાલાપાનીના વિવાદિત વિસ્તારો દર્શાવે છે, જેને ભારત પોતાનો વિસ્તાર માને છે અને તેને "કૃત્રિમ વિસ્તરણ" અને "અસ્થિર" તરીકે ઓળખાવ્યું છે.એજન્સી અનુસાર, સરકારના પ્રવક્તા રેખા શર્માએ કેબિનેટના નિર્ણયની જાણકારી મેળવ્યા બાદ કહ્યું કે, "વડાપ્રધાન પુષ્પકમલ દહલ 'પ્રચંડ'ની અધ્યક્ષતામાં મળેલી મંત્રી પરિષદની બેઠકમાં નેપાળનો નવો નકશો છાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. , જેમાં લિપુલેખ, લિમ્પિયાધુરા અને કાલાપાનીને રૂ. ૧૦૦ સાથે ચિહ્નિત કરવામાં આવશે. "બેંક નોટ્સમાં સામેલ."માહિતી અને સંદેશાવ્યવહાર મંત્રી રેખા શર્માએ કહ્યું, "૨૫ એપ્રિલ અને ૨ મેના રોજ યોજાયેલી કેબિનેટ બેઠક દરમિયાન કેબિનેટે ૧૦૦ રૂપિયાની બેંક નોટને ફરીથી ડિઝાઈન કરવા અને બેંક નોટની પૃષ્ઠભૂમિમાં

અનુસંધાન પાના નં.૪ પર

**તિકડમ !**
**- દેવેન વ્યાસ**



**અલ્યા, માત્ર બટન દબાવીને મતદાન કરવાનું છે તેમાં આળસ ના કરાય !**

## CBSEનું ધોરણ-૧૦, ૧૨નું પરિણામ ૨૦ મે પછી જાહેર કરાશે

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ ૨૦ મે પછી જાહેર કરાશે. પરિણામને લઈને સોશિયલ મીડિયામાં રોજે રોજ અફવાઓ ફેલાતી હોવાને પગલે બોર્ડ દ્વારા પરિણામની વેબસાઈટ પર સત્તાવાર જાહેરાત કરાઈ હતી. જેમાં ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ ૨૦ મે પછી જાહેર કરવામાં આવી શકે છે તેમ જણાવાયું હતું. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ૨ એપ્રિલના રોજ પૂર્ણ થયા બાદ પરિણામ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. પરિણામને લગતી તૈયારીઓ પૂર્ણ થયા બાદ હવે ૨૦ મે પછી પરિણામ જાહેર કરાશે.પ્રાપ્ત માહિતી અનુસાર, CBSE બોર્ડ દ્વારા સમગ્ર દેશમાં ૧૫ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં માર્ચના અંતમાં ધોરણ-૧૦ની પરીક્ષાઓ પૂર્ણ થઈ હતી અને ત્યારબાદ ૨ એપ્રિલના રોજ ધોરણ-૧૨ની પરીક્ષા પૂર્ણ થઈ હતી. પરીક્ષા ચાલુ હતી તે દરમિયાન જ બોર્ડ દ્વારા ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી શરૂ કરી હતી. મુલ્યાંકન કામગીરી પૂર્ણ થયા બાદ માર્ક પણ ઓનલાઈન મોકલી આપવામાં આવ્યા હતા.

## 'જાગો લેઉઆ પટેલ જાગો..' રાજકોટમાં લેઉઆ-કડવા પાટીદારોને લઇને પત્રિકાથી રાજકારણ ગરમાયું

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : રાજકોટમાં ભાજપે કડવા પટેલ જ્ઞાતિના અને કોંગ્રેસે લેઉઆ પટેલ જ્ઞાતિના ઉમેદવારને લોકસભાની ટિકીટ આપી છે જેને લઈને 'જય સરદાર, જય માં ખોડલ...જાગો લેઉઆ પટેલો જાગો'એવા નામથી બે પાનાની પત્રિકા વહેંતી કરાતા ગંભીર વિવાદ સર્જાયો છે. આ પત્રિકા સામે ભાજપે પોલીસને ભલામણ કરીને તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા ચાર પાટીદાર યુવાનોની બીનજામીનલાયક ગુનામાં ધરપકડ કરાઈ હતી અને બાદમાં કોર્ટમાં રજૂ કરાતા તેમનો જામીન પર છૂટકારો થયો છે. પરંતુ, આ પત્રિકાથી રાજકોટના રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. પત્રિકામાં એવો ઉલ્લેખ કરાયો છે કે બે દાયકા પછી રાજકોટ લોકસભા સીટ પર લેઉઆ પટેલ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે ત્યારે આપણને સુવર્ણ તક મળી છે. જેનાથી લેઉઆ અને કડવા પાટીદાર સમાજમાં વૈમનસ્ય ફેલાય તેવું ફરિયાદીએ જણાવ્યું છે. ગત મોડી રાત્રે ૧૧.૫૦ વાગ્યે તાલુકા પોલીસમાં મહેશભાઈ રવજીભાઈ પીપરીયા (રહે.ગાયત્રીપાર્ક મેઈનરોડ)ની ફરિયાદ પરથી આરોપીઓ કેતનભાઈ તાળા, પ્રકાશ વેજપરા, વિપુલભાઈ તારપરા અને દિપ ભંડેરી તથા પત્રિકા તૈયાર કરનાર માણસો અને તપાસમાં ખુલે તે તમામ સામે આઈ.પી.સી.ક. ૧૫૩ છ, ૧૮૮ ૧૧૪ તથા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની ક. ૧૨૫, ૧૨૭A (૪) હેઠળ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં મુકાયેલા આરોપ મુજબ આરોપીઓએ લેઉઆ અને કડવા પટેલ સમાજ વચ્ચે વૈમનસ્ય ઉદ્ભવે તથા બન્ને સમાજો વચ્ચે મતભેદ ઉત્પન્ન થાય તેવી પત્રિકા લોકોમાં વહેંચી, વાયરલ કરેલ છે. આ ગુનામાં આજે ઉપરોક્ત ચાર યુવાનોની અટકાયત કરતા ભારે ધમાસાણ મચ્યું હતુ.

## પીએમને હિન્દીના કેટલાક શબ્દો-મુસલમાન, મંદિર-મસ્જિદ, પાકિસ્તાન જ પસંદઃ લાલુ યાદવ

(એજન્સી દ્વારા)

પટણા : રાજદ પ્રમુખ લાલુપ્રસાદ યાદવે ગઈકાલે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કર્યો હતો કે, હિન્દીમાં લગભગ દોઢ લાખ શબ્દો છે પણ પીએમને માત્ર કેટલાક શબ્દો જ પ સંદ છે. લાલુએ કહ્યું હતું કે, આ શબ્દોમાંથી વડાપ્રધાન મોદીને સૌથી પસંદગીના શબ્દો છે- પાકિસ્તાન, સ્મશાન, કબ્રસ્તાન, હિન્દુ-મુસલમાન, મંદિર-મસ્જીદ, મછલી-મુગલ, મંગલસૂત્ર, ગાય-ભેંસ... લાલુએ જણાવ્યું હતું કે, ઉપરનું લિસ્ટ પહેલા બે તબકકાની ચૂંટણી થવા સુધીનું છે. સાતમા તબકકા સુધીમાં આ લિસ્ટમાં વધુ બે-ચાર નામ વધી શકે છે.

લાલુએ કટાક્ષ કર્યો હતો કે, વડાપ્રધાન નોકરી-રોજગાર, ગરીબી-કિસાની, મોંઘવારી-બેરોજગારી, વિકાસ-રોકાણ, છાત્ર-વિજ્ઞાન-નવયુવાન વગેરે મુદ્દા ભુલી ગયા છે. ઉલ્લેખનીય છે કે, લાલુપ્રસાદ આ દિવસોમાં રાજનીતિક રીતે પુરી રીતે સક્રીય છે અને પોતાની પુત્રી રોહિણી આચાર્યના ચુંટણી ક્ષેત્ર સારણમાં સભા કેમ્પેન કરી રહ્યા છે. આ સાથે જ ઈન્ડીયા મહા ગઠબંધનને બિહારમાં વૈચારિક રીતે પણ મજબૂતી આપી રહ્યા છે.

### અબ કી બાર મોદી સરકાર : ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના રોડ શોમાં જનજુવાળ ઉમટયો

# કચ્છમાં ભાજપના ભવ્ય વિજયનો નડ્ડાનો શંખનાદ

**ગાંધીધામ ખાતે કચ્છ-મોરબી લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્નમાં યોજાયેલા રોડ શોમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા રહ્યા વિશેષ ઉપસ્થિત : ભાજપ-મોદીજીની વિકાસ ગાથાઓ વર્ણવી : વિપક્ષને લીધા બરાબરના આડેહાથ**

**સવાયા કચ્છી વડાપ્રધાનને પીએમ બનાવવા જંગી મતદાન કરજો : વિનોદ ચાવડાનો અનુરોધ**

**ગાંધીમાર્કેટથી લઈ અને ઝંડા ચોક સુધી યોજાયેલા રોડ-શોમાં મોટી સંખ્યામાં ઉમટી જનમેદની : વિવિધ સમાજ-સંસ્થાઓ દ્વારા અપાયો આવકાર : જિલ્લા ભાજપના અધ્યક્ષ, ધારાસભ્યોશ્રીઓ સહિતનાઓ પણ રહ્યા હાજર**


















તસવીર : અશોક મિતલ, ચિરાગ નાથાણી






ગાંધીધામ મધ્યે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય શ્રી જે.પી.નડ્ડા સાહેબ સાથે શુભેચ્છા મુલાકાત લેતા મુન્દ્રા-ગાંધીધામના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી

ગાંધીધામ : વિશ્વના સર્વાધીક લોકપ્રીય જનનાયક અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને ફરીથી દેશના વડાપ્રધાન બનાવાનુ મન દેશની સાણી જનતાએ બનાવી લીધુ છે અને તેવી જ રીતે કચ્છમાં પણ વિનોદ ચાવડાની હેટ્રીક નાંધાવવા પણ અહીની જનતા સંકલ્પબદ્ધ હોય તેવો અનેરો માહોલ અને ઉત્સાહ આજ રોજ યોજાયેલા આ રોડ શોમાં મને જોવા મળી આવ્યો છે તેવો ઉદગાર ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ ગઈકાલે ગાંધીધામ ખાતે યોજાયેલા રોડશોના ઉદબોધનમાં જણાવ્યુ હતુ.

જે પી નડ્ડાએ સમગ્ર રોડ શોમાં ઉમટેલી વિશાળ જનમેદની તથા માર્ગમાં ઠેર ઠેર વિવિધ સમાજો, સંસ્થાઓ દ્વારા મળેલા આવકાર બદલ આભાર દર્શન કરી અને શરૂ કરેલા ઉદબોધનમાં મોદીજીની વિકાસ નીતી, ભારતીય જનતા પાર્ટીનો સૌનો સાથ સોનો વિકાસ સોનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના સુત્રને સાર્થક કરતી રીતીનીતીઓ વર્ણવી હતી. તેઓએ કહ્યુ કે, મોદીજીના શાસનમાં ભારત આત્મનિર્ભર બનવા પામ્યું છે. ભારતનું અર્થતંત્ર ૧૧મા નંબરેથી ત્રીજા નંબર પર આવી જવા પામ્યું છે. ગરીબો ગરીબી રેખાથી બહાર આવવા પામી રહ્યો છે. દેશ સુરક્ષીત બની રહ્યો છે. ભારતને વિકસીત બનાવવા કચ્છ-ગુજરાત વિકસીત બનાવવાની નેમ તેઓએ આ તબક્કે દર્શાવી હતી.તેઓએ ઉદબોધન દરમ્યાન વિપક્ષી ગઠબંધન પર શાબ્દીક ચાબખા વરસાવ્યા હતા.શુક્રવારના વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીધામ મધ્યે આયોજીત ‘ભવ્ય રોડ શો’ માં વિશાળ જનમેદની અને પાર્ટીના સૌ આગેવાનો એવમ કર્મઠ કાર્યકર્તાઓ સહભાગી થઈને કચ્છ લોકસભા બેઠક પર કેસરિયાના ભવ્ય વિજયનો શંખનાદ ફૂક્યો હતો.

આ તબક્કે ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ રાષ્ટ્રીય અધ્યક્ષનું સુત્રોચ્ચાર સાથે સ્વાગત કરી અને આવકાર આપ્યો હતો. વિનોદભાઈએ તેમના ઉદબોધનમાં શ્રી નડ્ડા કચ્છની પ્રજાને રૂબરૂ મળવા આવ્યા છે. આપણે સોએ ધીગુ મતદાન કરી અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત બનાવવા વીનોદભાઈએ અનુરોધ કર્યો હતો.સાંજે ધીરૂભાઈ શાહની પ્રતિમા પાસે આવી પહોંચેલા રોડ શોને સૌ કાર્યકરો, પક્ષના વિવિધ સંગઠનના પદાધિકારીઓ, ,પૂર્વ ધારાસભ્યો, ચુંટાયેલા પદાધિકારીઓને કમળના ફુલ સાથે ઉમળકાભેર અવકાર સ્વાગત કર્યુ હતુ. ભવ્ય રોડશોના પગે ગઈકાલે ગાંધીધામની બજારમાં અનેરો કેસરીયે માહોલ છવાઈ જવા પામ્યો હતો. રોડ શો દરમ્યાન વીવિધ સમાજ દ્વારા પુષ્પવૃષ્ટી કરાઈ હતી. અને સાંદ અને શ્રી નડ્ડાએ પણ લોકો ઉપર ફુલો વરસાવી અભિવાદન જીલ્યું હતુ.

ભવ્ય રોડશોના રથમાં શ્રી નડ્ડા, વિનોદભાઈ ચાવડા, દેવજીભાઈ વરચંદ, કેશુભાઈપટેલ, નીમાબેન આચાર્ય, વાસણભાઈ આહીર, જનકસિંહ જાડેજા, કાંતીભાઈ અમૃતિયા, ત્રિકમભાઈ છાંગા, માલતીબેન મહેશ્વરી, અનિરૂદ્ધભાઈ દવે, વિરેન્દ્રસીહ જાડેજા, ધવલભાઈ આચાર્ય, નરેન્દ્રભાઈ પ્રજાપતિ, દીલીપભાઈ શાહ, વલમજીભાઈ હુંબલ, સહિતના અગ્રણીઓ, પદાધિકારીઓ ઉપરાંત મેશભાઈ મહેશ્વરી, પંકજભાઈ મહેતા, જીવાભાઈ શેઠ, દિપકભાઈ ગંગલાણી, જીતેન્દ્રભાઈ નાથાણી, સંજયભાઈ મંગે, દિવ્યાબેન નાથાણી, ગીતાબેન ગણાત્રા, ચંદ્રીકાબેન દાફડા, મનીષાબેન પટેલ, વસંતભાઈ કોડરાણી, કિરણભાઈ ખટારીયા, હરીશભાઈ આહીર, ગોવિંદભાઈ ચાવડા, જીતેન્દ્રભાઈ શેઠીયા, મુકેશ પારખ, મનીષભાઈ, રમેશભાઈ ધનવાણી, રાકેશભાઈ શેઠીયા ઉપરાંત વિવિધ સમાજ, સંસ્થાઓ, સમુદાયના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## અબ કી બાર-ફીર સે મોદી સરકાર : શ્રી નડ્ડા

**ગાધીધામની ખાનગી હોટેલ ખાતે યોજાયેલ કાર્યકર્તા સંવાદ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ કાર્યકર્તાઓને આપ્યું માર્ગદર્શન**









ગાંધીધામ : ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સમર્થનમાં ગઈકાલે ભવ્ય રોડ શો યોજયા બાદ જે પી નડ્ડાએ કાર્યકર્તાઓ સાથે સંવાદ બેઠક યોજી હતી અને આ બેઠકમાં સૌને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતુ. કચ્છ ભાજપના લોકસભાના ઉમેદવાર વિનોદભાઈએ ગાંધીધામ ખાતે આયોજીત ‘પ્રબુદ્ધ નાગરીક સંવાદ’ પ્રસંગે હાજરી આપી અને ઉપસ્થિત સૌ નગરજનો સાથે સંવાદ કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધી ભારતને સ્વનિર્ભર અને વિકસિત દેશ બનાવવાના સંકલ્પ તેમજ ભારતને દુનિયાની ત્રીજી આર્થિક મહાસત્તા બનાવવાના સંકલ્પને સિદ્ધ કરવા વધુને વધુ મતદાન કરી જનસમર્થન આપવા માટે અપીલ કરી હતી.

આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, મોરબી જિલ્લા ભાજપ અધ્યક્ષ રણછોડભાઈ દલવાડી, કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, મોરબીના ધારાસભ્ય કાંતિલાલભાઈ અમૃતિયા, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષા નિમાબેન આચાર્ય, પૂર્વ રાજ્ય મંત્રી વાસણભાઈ આહિર, પંકજભાઈ મહેતા, પારૂલબેન કારા, દિવ્યાબેન નાથાણી, રમેશભાઈ મહેશ્વરી, ચંદ્રીકાબેન નાથાણી, નીલમબેન લાલવાણી, મીનાક્ષીબેન ભટ્ટ, શોભનાબેન આહીર, મયુરીબેન ઠક્કર, રાજુભાઈ ચંદનાની, ગોરધન ધવન, મહેશભાઈ પુંજ, તેજાભાઈ કાનગડ, મહેશભાઈ તીર્થાણી, હરીશભાઈ મહેશ્વરી, કૈલાશભાઈ ગોર, નરેશભાઈ ગુરબાની, ક્રીષ્નાભાઈ, ગોવિંદ નિંજાર, દિનેશભાઈ લાલવાણી, પંકજભાઈ ઠક્કર, ધનજીભાઈ હુંબલ, તેજશભાઈ શેઠ, મહેશભાઈ ગઢવી, મીતભાઈ ચૌધરી સહિતનાઓ આગેવાનો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



# કચ્છની પાંચ લાખ એકર ગૌચર જમીન પર ભાજપના નેતાઓનું દબાણ

## કોંગ્રેસના આગેવાન અને જિલ્લા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા વી.કે.હુંબલે કર્યો આક્ષેપ

ભુજ : ભારતમાં અંગ્રેજોએ આવી જે લુંટ ચલાવી એનાથી વધારે લુંટ ગુજરાતમાં ૩૦ વર્ષની ભાજપની સરકારે કચ્છમાંથી કરેલ છે, તેવો આક્ષેપ કોંગ્રેસના આગેવાન અને જિલ્લા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા વી. કે. હુંબલે કર્યો છે.

કચ્છ જિલ્લાની ૫ લાખ એકરથી વધારે મીઠા હેતુ માટેની જમીનો માત્ર ૪ થી ૫ ઉદ્યોગપતીને પધરાવી દેવામાં આવેલ છે, અને ૫ લાખ એકરથી વધારે સરકારી જમીનો પાણીના ભાવે મોટી મોટી કંપનીઓને આપી દેવામાં આવેલ છે. જેની સામે ગરીબ પરિવારો તેમજ ગરીબ આગરીયાઓને એક એકર જમીન પણ છેલ્લા ૩૦ વર્ષમાં આપવામાં આવેલ નથી. જેવી રીતે ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારતમાં આવી અને લુંટ ચલાવેલ છે એ રીતે ભાજપ પક્ષ પણ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની જેમ કચ્છમાં કામ કરી રહેલ છે.

કચ્છ જિલ્લામાં અનેક કુદરતી સંપદા ખનીજો ધરબાયેલા છે જેમાંથી પણ ગેરકાયદેસર રીતે ભાજપના આગેવાનો દ્વારા સતત ખનન કરી અને કચ્છની સંપદા લુંટી રહેલ છે. કોંગ્રેસની સરકાર વખતે ગરીબ પરિવારોને ૧૦ એકર લેખે મીઠાના પ્લોટો અપાતા. આ રીતે જો ભાજપે ચિંતા કરી હોત તો કચ્છના જ ૫૦,૦૦૦ પરિવારોને મીઠા હેતુ માટેની જમીનો આપી રોજગારી આપી શકાઈ હોત.

કોંગ્રેસની સરકાર વખતે ગરીબ પરિવારોને સાથણીમાં ખેતી હેતુ માટે જમીનો અપાતી અને હજારો પરિવારોને કોંગ્રેસની સરકારે ખેડૂતો બનાવેલ જયારે આ ભાજપની સરકારે ૩૦ વર્ષમાં એક પણ ગરીબ પરિવારને એક એકર પણ જમીન ખેતી હેતુ માટે આપેલ નથી. એટલું જ નહિ, કોંગ્રેસની સરકારે ગરીબ અનુ. જાતી, અનુ. જનજાતિ પરિવારો જેવા કે કોલી, ભીલ, દેવીપુજક આવા અતિ ગરીબ પરિવારોને પણ ખેતી હેતુ માટે જમીનો આપેલી અને ખેડૂતો પાસેથી મોટા જમીનદાર લોકો જમીન ખરીદી ના લે એટલા માટે ૭૩એએ પ્રતિબંધીત કલમ લગાવેલ હતી જે ભાજપ સરકારે અને આવા ગરીબ પરિવારો પાસેથી ૯૦ ટકા જમીનો પુંજીપતી લોકોએ ખરીદી લીધી છે.

અગાઉ કચ્છ જિલ્લામાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ધમધમતો હતો જેના માટે હજારો પરિવારોને રોજગારી મળતી હતી પરંતુ ભાજપ સરકાર આવ્યા પછી આ ધંધાને ભાંગી નાખવામાં આવ્યો છે, મોટાભાગનો ધંધો ભાજપના નેતાઓએ પોતાના હસ્તક કરી લીધેલો. અને ગાડીઓમાં ઓવરલોડ ભરી અને નાના ટ્રકમાલિકોને બેરોજગાર કરી દેવામાં આવ્યા છે.

તેમણે કચ્છ ભાજપના આગેવાનોને સવાલ કરતા પુછયું હતું કે, કચ્છમાં કેટલા ગરીબ પરિવારોને ૩૦ વર્ષમાં સાંથણીની જમીનો આપી, કચ્છમાં કેટલા ગરીબ અગરિયાઓને રોજગારી માટે ૧૦ એકર લેખે મીઠાના પ્લોટો આપ્યા, કચ્છમાં છેલ્લા ૧૦ વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા ગરીબ પરિવારોને મકાનો આપ્યા છે.? બીજા અન્ય રાજ્યોમાં આરોગ્યનું કવચ આયુષ્માન યોજના રૂપિયા ૨૫ લાખ સુધી મફત આરોગ્ય સેવા છે જેની સામે ગુજરાતમાં ૧૦ લાખ રૂપિયા આયુષ્માન કાર્ડ મારફતે ભાજપની અમુક માનીતી હોસ્પિટલોમાંથી સારવાર મળે છે જયારે બીજા રાજ્યોમાંથી કોઈ પણ હોસ્પિટલોમાંથી સારવાર મેળવી શકાય છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કોંગ્રેસના બીજા રાજ્યોમાં રૂપિયા ૨૫૦૦ લેખે વિધવા સહાય અપાય છે જયારે ગુજરાતમાં માત્ર રૂપિયા ૧૨૫૦ આપવામાં આવે છે.

કોંગ્રેસના બીજા રાજ્યોમાં ૬૦ વર્ષની ઉપરની ઉમરના દરેક વૃધ્ધોને ૧૫૦૦ રૂપિયા લેખે વૃદ્ધ પેન્શન અપાય છે. જયારે ગુજરાતમાં માત્ર બી.પી.એલ. લાભાર્થીને ૭૫૦ લેખે જ વૃદ્ધ પેન્શન અપાય છે, કોંગ્રેસની સરકાર વખતે કચ્છ જીલ્લામાં રેલ્વેની કનેકટીવીટી, મોટા બંદરો, નેશનલ હાઈવે, ઈફકો ફર્ટીલાઈઝર જેવી કંપનીઓ આવી ચૂકેલ હતી જયારે આ સરકારમાં તો ગરીબ લોકો માટેની એક માત્ર સરકારી હોસ્પિટલ પણ અદાણી કંપનીને વેચી દેવામાં આવેલ છે. જે રીતે અંગેજોએ આ દેશને લુંટ્યો છે એ જ રીતે કચ્છને લુંટવામાં ભાજપે કાઈ બાકી રાખેલ નથી. કચ્છના કુદરતી સંસાધનો માટે મૂળ કચ્છને લાભ મળવાને બદલે માત્ર ને માત્ર ભાજપના આગેવાનો નેતાઓએ મેળવેલ છે અને કોંગ્રેસ વખતેની અનેક વિકાસ લક્ષી યોજનાઓ આ સરકારમાં બંધ કરી દેવામાં આવેલ છે તેવું તેમણે વધુમાં ઉમેર્યુ હતું. કચ્છના લોકો પણ ચિંતન કરી આ ગરીબ વિરોધી ખેડૂત વિરોધી યુવાન વિરોધી મહિલા વિરોધી ભાજપની સરકારના વિરુદ્ધમાં મતદાન કરવા અપીલ કરી હતી.

# ભાજપ છે ત્યા સુધી અનામતને કોઈ હાથ લગાડી શકવાનું નથીઃ અમિત શાહ



અમદાવાદઃ લોકસભાની ચૂંટણીના હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. તેને લઈને તમામ પક્ષો દ્વારા પ્રચાર પ્રસારનો છેલ્લો દોર ચાલી રહ્યો છે. ત્યારે આજે છોટાઉદેપુરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પહોંચ્યા છે અને સભાને સંબોધિત કરી હતી. જણાવી દઈએ કે, અમિત શાહ છોટાઉદેપુર લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર જશુ રાઠવામાં આ જાહેર સભા સંબોધી રહ્યા છે.અમિત શાહે સભામાં જણાવ્યું કે, તમે જશુભાઈને જે વોટ આપશો તે દિલ્હીમાં મોદીને વડાપ્રધાન બનાવવાનું કામ કરશે. નરેન્દ્ર મોદીએ ગુજરાતથી દેશ સુધી સુરક્ષા, સ્વાસ્થ્ય, સમૃદ્ધી, શિક્ષાનું કામ નરેન્દ્ર મોદીએ કર્યું છે.

# રામમંદિર અંતર્ગત પુસ્તકનું પૂર્વ જજ મિશ્રાના હસ્તે વિમોચન

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સંસદમાં ચર્ચા વગર પસાર થતા બિલને લઈને સુપ્રીમ કોર્ટના પૂર્વ જજે કટાક્ષ કર્યો હતો કે રામ રાજયમાં તો આવું નહોતું થતું હતું. સુપ્રીમ કોર્ટના નિવૃત જજ અને રાષ્ટ્રીય માનવાધિકાર પંચ એટલે કે એમએચઆરસીના અધ્યક્ષ જસ્ટિસ અરુણ મિશ્રાએ સંસદની સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી હતી.

ગુરુવારે જજ મિશ્રા 'યર્નીંગ ફોર રામમંદિર એન્ડ ફુલફિલમેન્ટ' પુસ્તકના વિમોચન પ્રસંગે પહોંચ્યા હતા. ઉતરપ્રદેશમાં અયોધ્યામાં રામમંદિરને લઈને તેમણે કહ્યું હતું કે પ્રભુને તેમના સાચા સ્થાન પર સ્થાપિત કરી દેવાયા છે. આ તકે તેમણે વર્તમાન સંસદને ધ્યાનમાં રાખીને વ્યંગ કર્યો હતો કે રામ રાજયમાં રામ દરબારમાં મુદ્દાઓ પર ચર્ચા થતી હતી, અત્યારે ચર્ચા વગર સંસદમાં બિલ પસાર કરવામાં આવે છે, વિપક્ષી દળો તરફથી સંસદમાં બિલો પર કોઈ ચર્ચા નથી થતી, જજે વધુમાં જણાવ્યું હતું કે રામ રાજયનો મતલબ બધા માટે વિકાસ અને સમાનતા છે, તે અમીર ગરીબમાં ફરક નથી કરતુ.

## નિજ્જર હત્યા મામલે 3 ભારતીયોની ધરપકડથી હડકંપ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં હત્યા માટે જવાબદાર કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી છે. એક સ્થાનિક ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે ત્રણ શૂટર્સની ધરપકડ કરવામાં આવી છે. આ તમામ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે.

હરદીપ સિંહ નિજ્જર હત્યા કેસમાં કેનેડિયન પોલીસ એ શુક્રવારે મોટી કાર્યવાહી કરીને ત્રણ લોકોની ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યાનુસાર આ આરોપીઓની ઓળખ કથિત હિટ સ્કવોડના સભ્યો તરીકે કરવામાં આવી હતી. પોલીસ છેલ્લા કેટલાક મહિનાઓથી આ લોકોની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી.

# '...તો આ કારણે સિદ્ધુ મૂસેવાલાની હત્યા થઇ', પંજાબ સરકારની સુપ્રીમકોર્ટમાં મહત્ત્વપૂર્ણ કબૂલાત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : સુપ્રીમ કોર્ટમાં પંજાબ સરકારે સ્વીકાર્યું છે કે પંજાબી સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યા સુરક્ષામાં ઘટાડો કરવાને લીધે થઈ હતી. પંજાબ સરકારના વકીલ એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંહ ગેરીએ સુપ્રીમકોર્ટમાં દાખલ સોગંદનામામાં આ વાત સ્વીકારી હતી.

ટોચની કોર્ટમાં કબૂલાતનામા બાદ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. શિરોમણી અકાલી દળે પણ સિંગરની હત્યા મામલે સરકારને ઘેરી હતી. અહેવાલ અનુસાર મૂસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે સરકારે તેના કબૂલાતનામા બાદ એ લોકો સામે એફઆઈઆર કરવી જોઈએ જેમના કારણે સુરક્ષામાં ઘટાડો કરાયો હતો.

આ મામલે સિદ્ધુ મૂસેવાલાના પિતા બલકૌર સિંહે કહ્યું કે જવાબદાર લોકો સામે કાર્યવાહી થવી જોઈએ. સત્ય તો સામે આવી જ જાય છે. આ હત્યામાં આરોપીઓની ભૂમિકાથી વધુ પંજાબ સરકારનો રોલ વધુ જણાય છે. લોરેન્સ બિશ્નોઈએ જેલથી દોઢ વર્ષ પહેલા ઈન્ટરવ્યૂ આપ્યો પણ સરકાર હજુ સુધી આ મામલે કંઇ શોધી શકી નથી.

શિરોમણી અકાલી દળના વરિષ્ઠ નેતા બિક્રમસિંહ મજિઠિયાએએ કહ્યું કે મૂસેવાલાની હત્યા મામલે સરકાર વિરુદ્ધ કેસ નોંધવો જોઈએ. સુરક્ષા કવર પાછો ખેંચ્યાના બે દિવસમાં જ સિંગરની હત્યા કરી દેવામાં આવી હતી. મૂસેવાલાના પરિજનો પણ આ જ વાત કહી રહ્યા હતા. તેમણે કહ્યું કે સરકારે ન ફક્ત સિંગરની સુરક્ષા ઘટાડી પણ બિશ્નોઈને જેલથી ઈન્ટરવ્યૂ આપવાની છૂટ પણ આપી હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે મુખ્યમંત્રી ભગવંત માનના નેતૃત્વમાં પંજાબમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અત્યંત દયનીય થઈ ચૂકી છે.

ખરેખર તો પંજાબ સરકારે સિદ્ધુ મૂસેવાલાની સુરક્ષામાં ૪ સુરક્ષાકર્મી તહેનાત કર્યા હતા જેમને ઘટાડી બે કરી દેવાયા હતા. તેનો ફાયદો ઊઠાવી ગોલ્ડી બરાડે તેના શૂટર્સને સિંગરની હત્યા કરવા મોકલ્યા હતા.

# સુરત-ઇન્દોર બાદ હવે પુરીમાં કોંગ્રેસને ઝટકો, લોકસભા ઉમેદવારે ટિકિટ પાછી આપી, જણાવ્યું કારણ




નવીદિલ્હી : ઓડિશાની પુરી લોકસભા સીટ પરથી કોંગ્રેસ ઉમેદવાર સુચારિતા મોહંતીએ પાર્ટીને ટિકિટ પાછી આપી છે. મોહંતીએ ટિકિટ પાછી આપવાની જાણકારી આપતાં કોંગ્રેસ સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલને પત્ર લખ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે ચૂંટણી લડવા માટે તેમની પાર્ટી તરફથી મળનાર રકમ આપવામાં આવી નથી. જેના લીધે તે ચૂંટણી પ્રકાર કરી શકતી નથી. પુરી સીટ પર સુચિતા મોહંતીનો મુકાબલો ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રા સાથે હતો. પુરી લોકસભા સીટ પર વોટીંગ લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં ૨૫મે ના રોજ થવાની છે. આ સીટ પર ઉમેદવારીને અંતિમ તારીખ ૬મે છે. ભાજપના અરૂપ પટનાયક અને ભાજપન સંબિત પાત્રાએ પહેલાં જ ઉમેદવારી પત્ર દાખલ કરી દીધું છે. મોહંતીનું નામાંકન હજુ બાકી છે. તો બીજી તરફ પુરી ઉમેદવારે કોંગ્રેસને એવા સમયે ટિકિટ પરત કરી છે, જ્યારે સુરતમાં પાર્ટી ઉમેદવારનું ઉમેદવારી પત્ર રદ થતાં ભાજપના ઉમેદવાર નિર્વિરોધ જીત મળી.

# પબ્લિક પ્રોસિક્યુટરના પદેથી ઉજ્જ્વલ નિકમે આપ્યું રાજીનામું

ભારતીય જનતા પાર્ટી (ભ્જ) તરફથી ઉત્તર મધ્ય લોકસભાની બેઠક પરથી ઉમેદવારી મળ્યા બાદ ઉજ્જ્વલ નિકમે તેમના પબ્લિક પ્રોસિક્યુટરના પદેથી રાજીનામું આપી દીધું છે. મહારાષ્ટ્રના કાયદા અને ન્યાય વિભાગે તેમનું આ રાજીનામું સ્વીકારી લીધું હોવાનું મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે. ઉજ્જ્વલ નિકમ હાલ ૨૯ કેસમાં સરકારી વકીલ તરીકે સેવા આપી રહ્યા હતા, જેમાં ૨૬/૧૧ હુમલાના આરોપી અબુ જુંદાલના કેસનો પણ સમાવેશ થાય છે. ૨૦૧૬માં સરકારે તેમને પદ્મશ્રી પુરસ્કાર આપીને નવાજ્યા હતા. નિયમ મુજબ કોઈ પણ ચૂંટણી લડતાં પહેલાં સરકારી પદ પરની વ્યક્તિએ પોતાના પદ પરથી રાજીનામું આપવું પડે છે.

# યુરોપ-અમેરિકા, આફ્રિકાના દેશોમાં કન્ટેનરો મોકલવાના ચાર્જમાં ૫૦૦% સુધીનો વધારો

(પ્રતિનિધિ દ્વારા)

વડોદરાઃ ઈઝરાયેલ પર થયેલા આતંકવાદી હુમલા બાદ હમાસ સાથે ઈઝરાયેલનુ યુધ્ધ ખતમ થવાનુ નામ નથી લઈ રહ્યુ. આ યુધ્ધના કારણે વડોદરાના ઉદ્યોગોની મુશ્કેલીઓ વધારી દીધી છે.યુધ્ધના કારણે અમેરિકા અને યુરોપ સુધી કન્ટેનરોની હેરફેર કરવાના ચાર્જમાં શિપિંગ કંપનીઓએ ૩૦૦ થી ૫૦૦ ટકા સુધીનો વધારો કરી દીધો છે.જેના કારણે આયાત-નિકાસ કરતા ઉદ્યોગોને નાણાકીય ફટકો પડી રહ્યો છે અને પ્રોડકટસ કે રો મટિરિયલની હેર ફેરના સમયને લઈને પણ અનિશ્ચિતતા જોવા મળી રહી છે.વડોદરા અને આસપાસના વિસ્તારોમાંથી ઉદ્યોગો મુખ્યત્વે ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટસ, કેમિકલ અને દવાઓ અને એન્જિનિયરિંગ મશિનરીની યુરોપ, અમેરિકા તેમજ આફ્રિકાના દેશોમાં નિકાસ કરે છે.ઉદ્યોગો સાથે સંકળાયેલા સૂત્રોનુ કહેવુ છે કે, આ ત્રણે રુટ પર અત્યાર સુધી મોકલવામાં આવતા કન્ટેનરો માલવાહક જહાજોમાં રાતા સમુદ્ર થકી સુએઝ કેનાલમાં પસાર થઈને જતા હતા પરંતુ ઈઝરાયેલના વિરોધમાં અને હમાસના સમર્થનમાં ઈરાન સમર્થિક હૂથી જૂથે માલવાહક જહાજો પર હુમલા શરુ કરી દીધા હોવાથી આ રુટ પર મોટાભાગની શિપિંગ કંપનીઓએ હેરફેર બંધ કરી દીધી છે.તેની જગ્યાએ જહાજો અન્ય રુટ પર સાઉથ આફ્રિકાના કેપ ઓફ ગૂડ હોપનુ ચકકર મારીને જવા માંડયા છે.આ રુટ લાંબો છે અને તેના કારણે શિપિંગ કંપનીઓએ કન્ટેનરોની હેરફેરના ભાવ વધારી દીધા છે.વડોદરાની એક્ઝિમ ક્લબના પૂર્વ પ્રમુખ રાજન નાયરના જણાવ્યા અનુસાર, યુરોપના રુટ પર કન્ટેનરો મોકવાના ભાડામાં પાંચ થી ૬ ગણો વધારો થયો છે.અમેરિકા સુધી કન્ટેનરો પહોંચાડવાના ભાડામાં ત્રણ ગણો વધારો જોવા મળી રહ્યો છે તો આફ્રિકાના દેશોમાં કન્ટેનરોની હેરફેર માટે અગાઉ કરતા ત્રણ થી ચાર ગણો ચાર્જ શિપિંગ કંપનીઓ કરી રહી છે.તેની સાથે સાથે કન્ટેનરોની ડિલિવરી અગાઉ કરતા ૧૦ થી ૧૫ દિવસ મોડી થઈ રહી છે તે અલગ. શિપિંગ રુટ પર આ જ સ્થિતિ રહી તો આયાત નિકાસ પર આગામી સમયમાં અસર જોવા મળશે અને ખાસ કરીને આયાતમાં ૨૦ થી ૩૦ ટકાનો ઘટાડો થઈ શકે છે.તેમનુ કહેવુ છે કે, સદનસીબે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેની અથડામણ મોટા જંગમાં ફેરવાતી રહી ગઈ છે.નહીંતર માલ સામાનની હેરફેર હજી પણ મોંઘી થઈ શકી હોત હાલમાં કન્ટેનરોના શિપિંગ ચાર્જમાં વધારા બાદ ઘણા ઉદ્યોગો એર કાર્ગો તરફ પણ વળ્યા છે.જેના કારણે એર કાર્ગોના ભાડામાં પણ બે થી ત્રણ ગણો વધારો જોવા મળી રહ્યો છે અને તેમાં પ્રોડકટસ મોકલવા માટે વેઈટિંગની સ્થિતિ છે.મળતા આંકડા પ્રમાણે યુરોપમાં એર કાર્ગોમાં મોકલાતી પ્રોડકટસનો પહેલા પ્રતિ કિલો ૨૦૦ રુપિયા ચાર્જ હતો.જે આજે વધીને ૪૦૦ થી ૪૫૦ રુપિયા સુધી થઈ ગયો છે.એ જ રીતે નોર્થ અમેરિકા અને સાઉથ અમેરિકાના દેશોમાં એર કાર્ગો મોકલવાનો ચાર્જ ૧૦૦૦ કિલો કરતા વધારે વજન હોય તો પ્રતિ કિલો ૫૦૦ થી ૬૦૦ રુપિયા સુધી થઈ ગયો છે.જે પહેલા ૨૫૦રુપિયાના આસપાસ હતો.બે સપ્તાહની જગ્યાએ હવે ચાર સપ્તાહે અમારી પ્રોડકટસ પહોંચે છે.જોકે ગ્લોબલ ક્રાઈસીસ હોવાથી બધા સ્થિતિને સમજે છે અને તેથી જ ઓર્ડર ઘટે તેમ લાગતુ નથી પણ ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધી રહી છે.

## શિપિંગ રુટ પર કન્ટેનર ચાર્જ(ડોલરમાં)

--અમેરિકામાં પહેલા ૧૨૦૦ થી ૧૩૦૦ ડોલર પર કન્ટેનરની જગ્યાએ ૩૮૦૦ થી ૪૦૦૦ ડોલર

--યુરોપમાં અગાઉ ૪૫૦ થી ૫૦૦ ડોલર ચાર્જ હતો તે હવે ૨૮૦૦ થી ૩૦૦૦ ડોલર

--આફ્રિકન દેશોમાં ૬૦૦ થી ૮૦૦ ડોલર ચાર્જ હતો તે હવે ૨૮૦૦ થી ૩૦૦૦ ડોલર

--ગલ્ફના દેશોમાં પહેલા ૧૫૦ ડોલરની આસપાસનો ચાર્જ હવે ૩૦૦ થી ૩૫૦ ડોલર

## રો મટિરિયલ ઈમ્પોર્ટની પણ સમસ્યા

રો મટિરિયલના ઈમ્પોર્ટમાં પણ તકલીફ છે અને તેના કારણે ઉત્પાદન પ્રોડકશનમાં વિલંબ થાય તેવુ પણ બને છે અને તેની સીધી અસર એકસપોર્ટ પર પડતી હોય છે.વહેલા મોડા આ સ્થિતિ સુધરશે તેવી આશા રાખી રહયા છે.

## એર કાર્ગોમાં વેઈટિંગ જેવી સ્થિતિ

દવા જેવી પ્રોડકટસ વધારે પૈસા ખર્ચીને એર કાર્ગોમાં મોકલવાનો વારો આવ્યો છે.જેના કારણે એર કાર્ગો કંપનીઓએ પણ ભાવ વધારી દીધા છે.આમ છતા પ્રોડકટસ મોકલવા માટે વેઈટિંગ લિસ્ટ જેવી સ્થિતિ છે.ઘણી વખત તો ૧૦ થી ૧૨ દિવસ સુધી રાહ જોવી પડે છે.

# દુધઈના ઘરફોડ ચોરીના ગુનામાં આરોપીને ત્રણ વર્ષની કેદ

ભુજ : અંજાર તાલુકાના દુધઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં પોલીસે અઠવાડિયામાં ચાર્જશીટ કરતા કોર્ટ દ્વારા ઝડપી ટ્રાયલ ચલાવીને આરોપીને સજા સંભળાવવામાં આવી છે.

આરોપી દુની દુધઈમાં રહેતા જાકીલશા ઉર્ફે જાબુંડો નુરશા ફકીર સામે ગામમાંથી બાઈક ચોરી અને રસકસની દુકાનમાંથી કરિયાણાની ચોરી કરવાનો ગુનો નોંધાયો હતો. આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવતો હોવાથી તાત્કાલિક ઝડપી અઠવાડીયામાં ચાર્જશીટ બનાવી રજુ કરવામાં આવી હતી. એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ જે.એસ. પરમાર દ્વારા પંચો અને સાહેદોને સાંભળી આરોપીને ત્રણ વર્ષની કેદની સજા અને પાંચ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે જો દંડ ન ભરે તો વધુ એકમાસની સજા ફટકારવામાં આવી છે. ફરિયાદ પક્ષે એપીપી એચ.એસ.ચૌધરીએ દલીલો કરી હતી. તપાસ કરનાર અધિકારી પીએસઆઈ એમ.એમ.ઝાલા, સર્કલ પીઆઈ ડી.ડી.ઝાલા તેમજ પોલીસ સ્ટાફની કામગીરીના કારણે ઝડપી ચૂકાદો આવ્યો હતો.

# NDPSના કેસો માટે વધુ સ્પેશિયલ કોર્ટ શરૂ કરવા હાઈકોર્ટનો નિર્દેશ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : NDPS એક્ટ હેઠળ તેની દોષિત ઠરાવી સામે એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી ફોજદારી અપીલની સુનાવણી સમયે હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ. સુપૈયા અને જસ્ટિસ વિમલ વ્યાસની ખંડપીઠે રાજ્ય સરકારને એક મહત્ત્વનો આદેશ કરતાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ હેઠળના કેસોની સુનાવણી માટે વધુ સ્પેશિયલ કોર્ટ (વિશેષ અદાલતો)ની સ્થાપના કરવાના નિર્દેશ આપ્યા છે. ખંડપીઠે રાજ્ય સરકારને આ સંદર્ભે વહેલી તકે નોટિફિકેશન જારી કરવાનું વિચારવાનું સૂચન પણ કર્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે ૨૦૧૫માં રાજ્યએ ગુજરાતના ચાર મેટ્રોપોલિટન શહેરો માટે વિશેષ NDPS કોર્ટને સૂચિત કરી હતી. જો કે, હાલમાં માત્ર એક જ કોર્ટ કાર્યરત છે.

ખંડપીઠે આદેશમાં એમ પણ નોંધ્યું હતું કે,'NDPS કેસ પેન્ડન્સી અંગે કોર્ટ સમક્ષ ડેટા રજૂ કરવામાં આવે છે. NDPSના મામલાઓને હેન્ડલ કરવા માટે માત્ર એક સ્પેશિયલ કોર્ટ છે તે ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઝડપી ટ્રાયલના સિદ્ધાંતનો ભંગ થઈ રહ્યો છે. જ્યાં સુધી વધુ વિશેષ અદાલતો શરૂ કરવામાં નહીં આવે ત્યાં સુધી હાઈકોર્ટ પણ એનાથી સંબંધિત સમસ્યાઓને હલ કરી શકશે નહીં.'આ કેસમાં, આરોપી-અપીલકર્તાએ દલીલ કરી હતી કે NDPS એક્ટ હેઠળ તેમની ટ્રાયલ નિયુક્ત વિશેષ અદાલત દ્વારા હાથ ધરવામાં આવી ન હતી, પરંતુ સામાન્ય અદાલતના અન્ય સેશન્સ જજ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી અને બાદમાં ચુકાદો આપ્યો હતો. જોકે તેમના અધિકારક્ષેત્રની બહારનો વિષય હોઈ તેને માન્ય રાખવામાં આવ્યો ન હતો.

## પહેલા પાનાથી...

### જનતાની તાકાત

શક્તિનું પરિણામ છે કે ભારત વિશ્વભરમાં પ્રખ્યાત થઈ રહ્યું છે. ૫૦૦ વર્ષ સુધી, આપણી ઘણી પેઢીઓ સંઘર્ષ કરતી રહી, રાહ જોતી રહી, લાખો લોકો રાહ જોતા રહ્યા. ૫૦૦ વર્ષ સુધી સતત સંઘર્ષ ચાલ્યો અને કદાચ અયોધ્યામાં જેટલો લાંબો સંઘર્ષ થયો તેટલો વિશ્વમાં ક્યાંય થયો ન હોત. તમારા મતની શક્તિ જુઓ કે આજે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થયું.

વડાપ્રધાને કહ્યું કે, દેશ આઝાદ થયા પછી જમ્મુ-કાશ્મીરમાં દરરોજ ખતરાની ઘંટડી વાગી રહી છે. જમ્મુ-કાશ્મીરનું શું થશે તેની ચિંતા હતી. બોમ્બ વિસ્ફોટ અને દારૂગોળો - આ કાશ્મીરમાંથી સાંભળવામાં આવ્યું હતું. તમારા વોટની તાકાત જુઓ જેણે કલમ ૩૭૦ની દિવાલ તોડી નાખી છે. આપણા ઝારખંડ, છત્તીસગઢ, આંધ્રમાં પશુપતિથી તિરુપતિ સુધી દરરોજ નક્સલવાદ આતંકવાદ ફેલાવતો હતો અને અહીંની જમીનને ભીંજવતો હતો. કેટલી માતાઓએ તેમના યુવાન પુત્રો ગુમાવ્યા? ઉછેર પછી મોટો દીકરો બંદૂક ઉપાડશે અને ખરાબ સંગતમાં જંગલોમાં ભાગી જશે. તમારા એક મતે અનેક માતાઓના સંતાનોને બચાવ્યા. તમારા મતે અમને નક્સલવાદમાંથી મુક્ત કર્યા. કોંગ્રેસના સમયમાં બોમ્બ ઉડતા હતાઃ ર વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસના સમયમાં બોમ્બ ઉડતા હતા. નિર્દોષ લોકોને મારવા માટે વપરાય છે. તે પાકિસ્તાનને પ્રેમ પત્રો મોકલતી હતી. શાંતિની આશા રાખતા. પાકિસ્તાને જેટલા નેતાઓ મોકલ્યા છે તેના કરતા વધારે આતંકીઓ મોકલતા હતા. અમે બોમ્બ અને શેલ વડે લોહીની હોળી રમતા હતા પણ તમારા વોટથી મારામાં એટલી તાકાત આવી ગઇ કે હવે બહુ થયું અને હું ભારત માતાનું અપમાન સહન નહીં કરું. હું નિર્દોષ લોકોને મારવા નહીં દઉં. આ નવું ભારત ઘરમાં ઘૂસીને મારે છે. સર્જિકલ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકની થપ્પડથી પાકિસ્તાન હચમચી ગયું. પીએમ મોદીએ કહ્યું, પહેલા એવો કોઇ દિવસ નહોતો જ્યારે સરહદ પર આપણા જવાનો શહીદ ન થયા હોય.

તેમના પાર્થિવ દેહ ત્રિરંગામાં લપેટાયેલા ન આવવા જોઈએ. તમારા મતની શક્તિના કારણે તે બંધ થઈ ગયું. એક એવી સ્થિતિ હતી જ્યારે કોંગ્રેસ સરકાર આતંકવાદી હુમલા બાદ આખીદુનિયામાં રડતી હતી. આજે સ્થિતિ એવી છે કે પાકિસ્તાન આખી દુનિયામાં રડી રહ્યું છે. તે મદદ અને મદદની બૂમો પાડી રહ્યો છે. આજે પાકિસ્તાનના નેતાઓ રાજકુમારને પીએમ બનાવવા માટે પ્રાર્થના કરી રહ્યા છે. ભારત હવે મજબૂત સરકાર ઈચ્છે છે. મજબૂત ભારત માટે મજબૂત સરકાર માટે મોદી સરકાર.

### રાજ્યમાં આવતીકાલ

અને કોંગ્રેસના ઉમેદવારો ચૂંટણી પ્રચાર માટે એડી ચોટીનું જોર લગાવ્યું છે. આવતીકાલ સાંજથી ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થયા બાદ ચૂંટણીના દિવસે મતદાન વધુમાં વધુ થાય તે માટે બુથ લેવલ સુધી માઈક્રો પ્લાનિંગ કરવાની કવાયતમાં લાગી જશે.

### શહેજાદા મુદ્દે

જાહેરસભામાં રાજીવ ગાંધીને પણ યાદ કર્યા હતા. ગુજરાતમાં કોંગ્રેસે અમૂલ અને બીજી ડેરી બનાવી હતી. આ આપની સંપત્તિ છે સહકારી માળખા પર આપનો અધિકાર હોવાની વાત કરી. ત્યારબાદ ભાવનગરના ગૌચર પર પ્રિયંકા ગાંધીએ સવાલ ઉઠાવ્યો હતો. કોંગ્રેસ એમએસપ ીનો કાયદો બનાવી ખેડૂતોને મદદગાર બનશે. કોંગ્રેસ ખેતીના તમામ સાધનો પરથી જીએસટી દૂર કરશે.લાખાણીની જાહેરસભામાં પ્રિયંકા ગાંધી ક્ષત્રિય મુદ્દાને ઉઠાવ્યો હતો. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, રાજપૂત મહિલાઓનું અપમાન અમે નહિ થવા દઈએ. ભાજપના લોકોએ રાજપૂત મહિલાઓનું અપમાન કર્યું છે. રાજપૂત સમાજની મહિલાઓ માટે પીએમ મોદીએ કશું કર્યુ નથી. કોંગ્રેસ આવશે તો સામાન્ય લોકોને ફાયદો થશે. શ્રમિકોને રોજના ૪૦૦ રૂપિયા મળવાનો જાહેરસભામાં વાયદો કર્યો હતો.

### જય ભવાની-ભાજપ જવાની

અમારા ક્ષત્રિય સમાજના ધર્મરથનું દ્વારકાથી પ્રસ્થાન કરાવ્યું હતુ. આ ધર્મરથ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ૧૦ તાલુકાને આવરી લેતા મોટાભાગ ગામમાં ફર્યો હતો. જ્યાં માત્ર ક્ષત્રિયો જ નહીં, પરંતુ અન્ય સમાજના લોકોએ પણ અમારા ધર્મરથને આવકાર આપ્યો છે.

નરેન્દ્ર મોદીએ જામ સાહેબની મુલાકાત લીધી હતી. જેના વિશે તેમણે જણાવ્યું કે, ક્ષત્રિયોની પરંપરા છે કે અમે દુશ્મનને પણ આવકાર આપીએ. જેનો એવો મતલબ એ નથી કે, અમારો સમાજ તેની સાથે જોડાઈ ગયો છે. રુપાલા અમારા ઘરે આવે તો પણ અમે તેમને આવકાર આપીએ, પરંતુ તેનો વિરોધ તો રહેજ. આગામી ૭મી તારીખે મતદાનના દિવસે અમે જય ભવાનીના નારા સાથે કોંગ્રેસનું બટન દબાવવાના છીએ.આમ મતરુપી શસ્ત્રનો ઉપયોગ કરીને લોકશાહી ઢબે જવાબ આપવાના છીએ.

રાજપૂત સંકલન સમિતીના સંયોજક રમજુભા જાડેજાએ જણાવ્યું કે, છેલ્લા ૩૮ દિવસથી ક્ષત્રિય અસ્મિતાની લડત ચાલી રહી છે. જેના ભાગરૂપે આજે હાલારની ધરતી પર જામનગરમાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ લડત દેશ માટે, જનતા માટે ક્ષત્રિય સમાજ માટે મહત્ત્વની લડત છે. આમા કંઈ મેળવવાનું નથી, પરંતુ દેશ માટે અને નારી સમ્માન માટે મહત્ત્વની લડત છે.

અમારો એક જ એજન્ડા છે, પજય ભવાની-ભાજપ જવાનીથ-પહવે બસ થયુ, રુક જાવ ભાજપઆ સુત્ર સાથે સવારે ૭ વાગ્યાથી સમગ્ર ક્ષત્રિયાણી બહેનો અને નારી શક્તિ ઉમટી પડવાની છે અને શાંતિપૂર્ણ મતદાન થાય તે માટે પ્રયત્ન રહેશે.

### નેપાળમાં ૧૦૦

છપાયેલા જૂના નકશાને બદલવાની મંજૂરી આપી હતી.''૧૮ જૂન, ૨૦૨૦ ના રોજ, નેપાળે તેના બંધારણમાં સુધારો કરીને લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાના ત્રણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તારોને સમાવવા માટે દેશના રાજકીય નકશાને અપડેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી. ભારતે આ નિર્ણય પર તીખી પ્રતિક્રિયા આપી અને તેને ''એકપક્ષીય કૃત્ય'' ગણાવ્યું.ભારત લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા પર પોતાનો અધિકાર જાળવી રાખે છે. નેપાળ પાંચ ભારતીય રાજ્યો - સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સાથે ૧,૮૫૦ કિલોમીટરથી વધુની સરહદ ધરાવે છે.

### ફરી એક વખત

ઉમેદવારોને પુરતુ પ્રતિનિધિત્વ આપતા નથી તે ખુદ નિશ્ચિત કરી રહ્યા છે. પ્રથમ બે તબકકામાં જે ચૂંટણીઓ યોજાઇ છે તેમાં મહિલા ઉમેદવારોનું પ્રમાણ ૮ ટકા જ છે અને તેને આવતા મંગળવારે યોજનારા મતદાનની સાથે જોડી દેવામાં આવે તો વધુને વધુ ૯ ટકા મહિલા ઉમેદવાર મેદાનમાં હશે. હવે બાકીના તબકકામાં ઉમેદવારો જાહેર થયા છે તેનાથી ૩૩ ટકા બેઠકો પર મહિલા ચૂંટાય તેવી શકયતા નહીંવત છે.

વાસ્તવમાં રાજકીય પક્ષોએ મહિલા અનામત અંગે બે દસકા સુધી ગાજર લટકાવી રાખ્યુ અને એક યા બીજા વિરોધ દર્શાવીને મહિલા અનામતને પાછળ ઠેલવી જોકે એક પ્રશંસા કરવી પડે કે મોદી સરકારે કોઈપણ જાતના દબાણ કે આંતરીક અનામતના નવા નવા મુદાઓ હતા તેને ફગાવીને ૩૩ ટકા મહિલા અનામતનો ખરડો મંજૂર કર્યો છે.

# મહાઠગ અશોક જાડેજાનો એજન્ટ ૧૫ વર્ષે ઝડપાયો, સરકારે ૨૦ હજારનું ઇનામ રાખ્યું હતું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : મહાઠગ અશોક જાડેજા એન્ડ કંપનીએ શરૂ કરેલા એક કા તીન કૌભાંડમા એક ચોક્ક્સ સમાજના હજારો લોકોના કરોડો રૂપિયા ડુબ્યા હતા. અશોક જાડેજાનો એટલો ક્રેઝ હતો કે લોકો રૂપિયા રોકવા માટે પણ કલાકો સુધી લાઇનોમાં ઊભા રહેતા હતા. જાડેજાએ લોકોના કરોડો રૂપિયા ઉઘરાવીનું કૌભાંડ કર્યું હતું. આ કેસમાં તે લાંબા સમય સુધી કસ્ટડી અને જેલમાં રહ્યો હતો. જોકે જાડેજા માટે રાઉન્ડ ધી ક્લોક રૂપિયા ઉઘરાવતા ૩૪ એજન્ટો પૈકી છેલ્લા ૧૫ વર્ષથી ભાગતા ફરતા એજન્ટ કિશોર ઉર્ફે મકોડી ભીખાભાઇ સાંસીને ક્રાઇમ બ્રાંચની ટીમે ઝડપી લીધો હતો. કિશોર પર સરકારે ૨૦ હજારનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

લગભગ ૧૫ વર્ષ પહેલા સરખેજ મકરબામાં અશોક જાડેજાએ જય માડીના નામે એક કા તીન કૌભાંડ શરૂ કર્યું હતું. તે રૂપિયા લઇ અઠવાડિયામાં ડબલ કે ત્રણ ઘણા કરી આપતો હતો. જેને પગલે લોકો તેના પાસે રૂપિયા રોકતા હતા.

અશોક જાડેજાના પ્રભાવમાં આવી ગયેલા લોકો તેની પાસે પૈસા રોકવા માટે પણ કતારોમાં ઊભા રહેતા હતા. શરૂ કરાયેલા કલકેશન સેન્ટરો ૨૪ કલાક ધમધમતા રહેતા હતા અને ૩૪ એજન્ટો રૂપિયા લઈને ચિઠ્ઠી આપતા હતા.

# ૧૪ યુનિ.ની ૮ લાખથી વધુ બેઠક માટે અઢી લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન

અમદાવાદ : રાજ્યમાં ધો.૧૨ પછી સરકારી યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજોમાં પ્રવેશ માટે હાલમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યુ છે અત્યાર સુધીમા અંદાજે અઢી લાખ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. ધો.૧૨નું પરિણામ જાહેર થાય તે પહેલા દરેક યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કોલેજો પાસેથી બેઠકોની વિગતો મંગાવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં સીટમેટ્રિક્સ જાહેર કરવામાં આવશે.

સરકારી યુનિવર્સિટીઓમાં કોમન એક્ટ લાગુ કરવામાં આવ્યા બાદ પહેલી વખત તમામ ૧૪થી વધારે સરકારી યુનિવર્સિટીઓ માટે કોમન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આર્ટસ,કોમર્સ, સાયન્સ સહિતની કોઈપણ કોર્સમાં પ્રવેશ લેવા ઈચ્છતાં હોય તેવા વિદ્યાર્થીઓએ હાલમાં કોમન એડમીશન પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અત્યાર સુધીમાં અઢી લાખથી વધારે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે, હાલ પણ પ્રક્રિયા ચાલુ છે. સૂત્રો કહે છે કે ડીસ્ટન્સ લર્નિંગ મોડની અંદાજે ૩.૬૦ લાખ બેઠકો અને આર્ટસ,કોમર્સ અને સાયન્સ સહિતની રેગ્યુલર કોર્સની ૪.૮૦ લાખ મળીને અંદાજ ૮ લાખથી વધારે બેઠકો માટે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# રાયબરેલીથી ચુંટણી લડવાના નિર્ણયને એક આબાદ વ્યુહ ગણાવતુ કોંગ્રેસ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : લોકસભા ચૂંટણીમાં આખરે અમેઠી અને રાયબરેલીમાં કોંગ્રેસના ઉમેદવારો નિશ્ચિત થઈ ગયા છે તે સમયે પ્રિયંકા ગાંધી હવે ચૂંટણીના રાજકારણમાં આવશે કે કેમ તે અંગે ચર્ચા જાગી છે તેમાં કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા મુજબ લોકસભા ચૂંટણી પછી સમગ્ર રાજકીય ચિત્ર જોયા બાદ પ્રિયંકા ગાંધી પેટાચુંટણી લડીને લોકસભામાં પહોંચી શકે છે.

વાસ્તવમાં એક તબકકે પ્રિયંકા અને રાહુલ બંને લોકસભા ચુંટણી લડે તેવી ચર્ચા હતી પરંતુ તેનાથી કોંગ્રેસ નેતૃત્વ બંનેને તેમની બેઠકો પર બંધાઈ રહેવું પડે તે ઈચ્છતા ન હતા અને રાહુલ ગાંધીની સામે અમેઠીમાંથી ચુંટણી લડવાનો પડકાર હતો. જો કે તેઓ અમેઠીમાંથી લડી રહ્યા નથી તેની ટીકા થઈ રહી છે પરંતુ કોંગ્રેસના પ્રવકતા સુપ્રિયા શ્રીનેત એ એક પોષ્ટમાં લખ્યું કે રાહુલ ગાંધી શતરંજના મોટા ખેલાડી છે અને તેની એક જ ચાલથી ભાજપ અને તેના ચરણચુંબકોને મુર્છા આવી ગઈ છે.

રાયબરેલી ફકત સોનિયા જ નહી ઈન્દીરાની સીટ પણ રહી છે અને તેથી તે વારસો નહી એક જવાબદાર છે અને કર્તવ્ય પણ છે અને રાહુલ ઉતર અને દક્ષિણ બંને ક્ષેત્રમાં ચુંટણી લડી રહ્યા છે તે સમયે પ્રિયંકા ગાંધી ભવિષ્યમાં લોકસભામાં પેટાચુંટણી મારફત પણ આવી શકે છે.

# મોટી રાયણ ગામે પાટીદાર મહાસંમેલન યોજાયું




**લોકપ્રિય ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને જંગી બહુમતીથી વિજય અપાવી દિલ્હીમાં કચ્છરૂપી કમળ ખીલવાનું આહવાન કરતા પાટીદાર અગ્રણી મહેન્દ્રભાઈ રામાણી**

માંડવી : તાલુકાના મોટી રાયણ ગામે ચોપડા નગર ખાતે માંડવી પાટીદાર મહાસંમેલન નું આયોજન કરાયું હતું. મંચસ્થોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે અને મહાનુભાવોનો વિશેષ સન્માન કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે એ ડબલ એન્જિનની સરકાર માં ગુજરાત અને કચ્છનો સર્વાંગી વિકાસ થયું છે ત્યારે નર્મદાના નીર દ્વારા કચ્છને મીઠા ફળ સરકારે ચખાડ્યા છે. કચ્છના ખેડૂતોની ચિંતા કરતી સરકારમાં ખેતીનો પણ વિકાસ થયું છે સનાતરી પરંપરાની ચિંતા ભાજપ સરકારમાં થઈ રહી છે મોદી સરકારની વિચારધારાને મજબૂત કરવાનો આ લોકશાહી પર્વ હોવાનું તેમણે જણાવી આ ચૂંટણી દેશને નવી દિશા આપનારી ચૂંટણી બની રહેશે તેવું જણાવ્યું હતું. જિલ્લા પંચાયતના સદસ્યા ગંગાબેન સાંગાણીએ ભારતીય જનતા પાર્ટીએ પાટીદાર સમાજને ઘણું આપ્યું છે ત્યારે આપણી પણ ફરજ બને છે કે કમળને સોળે કળાએ ખીલવવાનું છે. તાલુકા ભાજપના પ્રમુખ સુરેશભાઈ સંગારે આ ચૂંટણી રાષ્ટ્રહિતની ચૂંટણી છે જેથી તમામ કાર્યકર મિત્રો બુથ લેવલની કામગીરી સુપેરે પાર પાડે અને જંગી બહુમતીથી સાંસદ તરીકે વિનોદભાઈ ચાવડાને ફરી ચુંટે તેવું આહવાન કર્યું હતું. સૌનો શાબ્દિક આવકાર આપતા પાટીદાર અગ્રણી મહેન્દ્રભાઈ રામાણીએ વધુથી વધુ મતો ભાજપ ને મળે અને જંગી બહુમતીથી વિનોદભાઈ ચાવડા રૂપી કમળ દિલ્હીમાં સોળે કળાએ ખીલે તે માટે અપીલ કરી હતી. આ પાટીદાર મહાસંમેલનમાં વલુભાઈ છાભૈયા, અરવિંદ ગોહિલ, પ્રેમજી કેરાઈ, જશુબેન છાભૈયા, લક્ષ્મીચંદ વાસાણી, સોમજી લીંબાણી, પરસોતમ પોકાર, વિશ્રામ કેરાઈ, કેતન શિયાણી, રતિભાઈ મોરાઈ, કલ્યાણ ગાજપરિયા, કાંતિ અમૃતિયા, સુરેશ માકાણી, મગન ભીમાણી, રતનસિંહ ચૌધરી, લક્ષ્મણ છભાડીયા, ગંગારામ ચૌધરી, મનસુખ રામજીયાણી, ચંદુ રામાણી, હીરાલાલ પોકાર, કંચનબેન ધોળું, જેન્તીભાઈ વાસાણી, પ્રવીણભાઈ છાભૈયા, ભવાનજીભાઈ પોકાર, શાંતિલાલ રામજીયાણી, હેમલતાબેન રામજીયાણી, નરસિંહભાઈ ચોપડા, જીતુ ભગત, કેશુભાઈ પારસિયા, ચંદુભાઈ વાડીયા, સોમાભાઈ પટેલ, હરેશભાઈ રંગાણી, વિનોદભાઈ જબુવાણી, નારાણ કેરાઈ, જોસનાબેન સેંગાણી, શિવજી છભાડીયા, ઈશ્વર ભીમાણી, અશોક ઠાકરાણી, સંજય વાસાણી, જયેશ ભગત વગેરે માંડવી મુન્દ્રા ના બહોળા પાટીદાર અગ્રણીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મહેન્દ્રભાઈ રામાણી અને આભાર વિધિ ગોવિંદભાઈ દીવાણી એ કરી હતી.

# શ્રી દશનામ ગોસ્વામી સમાજ અંજારની જનરલ સભામાં પ્રમુખશ્રીની વરણી - સમાજના સર્વાંગી વિકાયકાયો અંગે નિર્ણયો લેવાયા



અંજાર : શ્રી દશનામ ગોસ્વામી સમાજ, અંજારની વાર્ષિક જનરલ સભા તા. ૨૮/૦૪/૨૦૨૪ ના રવિવારે સાંજે ફુલગિરિ ગોસ્વામી સમાજવાડી મધ્યે શ્રી દશનામ ગોસ્વામી સમાજ, અંજારના પ્રમુખ ત્રંબકપુરી અમરપુરી ગોસ્વામીના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં નવી કારોબારી સમીતી તથા ટ્રસ્ટી મંડળની વરણી કરવા બાબતના એજન્ડા અંગે કાર્યવાહી કરવામાં આવેલ અને ગત ત્રણ વર્ષના સમય દરમ્યાન પ્રમુખ ત્રંબકપુરી અમરપુરી ગોસ્વામીના પ્રમુખ પદના કાર્યકાળમાં અંજાર સમાજના થયેલ સર્વાંગી વિકાસના કાર્યોની સમાજના સભ્યો દ્વારા પ્રશંસા કરવામાં આવેલ અને ફરીથી સતત બીજી વખત શ્રી દશનામ ગોસ્વામી સમાજ, અંજારના પ્રમુખ તરીકે ત્રંબકપુરી અમરપુરી ગોસ્વામીની વરણી બિનહરીફ સૌનુંમતે કરવામાં આવેલ અને તેઓનું સમાજના અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ. પુનઃપ્રમુખપદે વરાયેલ શ્રી ત્રંબકપુરી અમરપુરી ગોસ્વામી દ્વારા જનરલ સભામાં ઉપસ્થિત આગેવાનો તથા સભ્યોનો આભાર માની તેઓના ગત ટર્મના પ્રમુખ પદના કાર્યકાળ દરમ્યાન સમગ્ર કારોબારી, મહિલા મંડળ, યુવક મંડળ, સમુહ લગ્ન સમીતી અને સમાજના સભ્યોએ આપેલ સાથ-સહકાર બદલ હૃદયપુર્વક આભાર વ્યક્ત કરેલ અને આગામી સમયમાં નુતન સમાજવાડી અંગે, અંજાર સમાજના આર્થિક રીતે નબળા સભ્યની દિકરીના સમાજ દ્વારા લગ્ન થાય અને તેમાં ૧૦૦ વ્યકિત સુધીનું જમણવાર તથા લગ્ન વિધિની સામગ્રીનો ખર્ચે સમાજ દ્વારા કરવામાં આવશે તે અંગે, કોમ્પ્યુટર કલાસ શરૂ કરવા અંગે, વડીલ વંદના યાત્રામાં ઉજ્જૈન જવા માટેનું આયોજન કરવામાં આવશે અને જેમાં અંજાર સમાજના ૬૫ વર્ષથી ઉપરની ઉંમરના સભ્યોની આવવા-જવાની ટીકીટ સમાજ દ્વારા આપવામાં આવશે તેમજ સમાજ વિકાસના કાર્યો કરવા અંગેની માહિતી આપી સમાજના સભ્યો પાસેથી પણ મંતવ્યો મેળવેલ. આ જનરલ સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન સહમંત્રીશ્રી દિપકગિરિ ગૌરીગિરિ ગોસ્વામી દ્વારા કરવામાં આવેલ તથા વર્ષે ૨૦૨૩–૨૦૨૪ના વાર્ષિક હિસાબો ખજાનચીશ્રી ચેનગિરિ વેલગિરિ ગોસ્વામી દ્વારા રજુ કરવામાં આવેલ અને તૃતિય સમુહલગ્નના હિસાબો તૃતિય સમુહલગ્ન સમીતીના ખજાનચી સચિનભારતી લક્ષ્મણભારતી ગોસ્વામી દ્વારા રુજુ કરવામાં આવેલ જેને સર્વાનુમતે મંજુર કરી બહાલી આપવામાં આવેલ. આ જનરલ સભામાં અમ્રુતગિરિ પ્રેમગિરિ ગોસ્વામી (પ્રમુખશ્રી અખિલ કચ્છ દશનામ ગોસ્વામી સમાજ) ખાસ ઉપસ્થિત રહયા હતા અને અંજાર સમાજના પુનઃપ્રમુખપદે વરાયેલ ત્રંબકપુરી અમરપુરી ગોસ્વામીને અખિલ કચ્છ દશનામ ગોસ્વામી સમાજ વતી ખુબ ખુબ અભિનંદન આપી પ્રાંસગિક ઉદબોધનમાં જણાવેલ કે, અંજાર સમાજના પ્રમુખશ્રી ત્રંબકપુરીજીના ગત ત્રણ વર્ષના પ્રમુખપદના કાર્યકાળ દરમ્યાન અંજાર દશનામ ગોસ્વામી સમાજે ખુબજ પ્રગતિ કરેલ છે અને અંજાર સમાજનું નામ સમગ્ર ગુજરાતમાં ગુંજતું થયેલ છે અને સમાજ ઉત્કર્ષના કાર્યો તેઓના પ્રમુખપદે સતત થતા રહે અને અંજાર સમાજ ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ આપેલ. આ જનરલ સભામાં સમાજના વડીલો, આગેવાનો, સભ્યશ્રીઓ તેમજ મહિલા મંડળ અને યુવક મંડળના સભ્યો ઉપસ્થિત રહેલ. સંચાલન ઉદઘોષકશ્રી ભરતગિરિ જ્ઞાનગિરિ ગોસ્વામી દ્વારા કરવામાં આવેલ.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | 9 | | | | 4 | | 1 |
| | | | 2 | | 4 | | | |
| 7 | 4 | | | | | | 8 | 2 |
| | | 8 | 3 | 5 | 1 | 7 | | |
| | 9 | | | | | | 6 | |
| | | 4 | 6 | 9 | 8 | 2 | | |
| 1 | 6 | | | | | | 2 | 4 |
| | | | 4 | | 7 | | | |
| 4 | | 5 | | | | 8 | | 6 |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 5 | 9 | 8 | 6 | 7 | 3 |
| 7 | 3 | 9 | 6 | 2 | 1 | 4 | 8 | 5 |
| 6 | 5 | 8 | 4 | 7 | 3 | 9 | 2 | 1 |
| 8 | 6 | 3 | 7 | 4 | 2 | 1 | 5 | 9 |
| 2 | 7 | 5 | 9 | 1 | 6 | 8 | 3 | 4 |
| 1 | 9 | 4 | 8 | 3 | 5 | 7 | 6 | 2 |
| 9 | 4 | 6 | 3 | 5 | 7 | 2 | 1 | 8 |
| 3 | 2 | 7 | 1 | 8 | 4 | 5 | 9 | 6 |
| 5 | 8 | 1 | 2 | 6 | 9 | 3 | 4 | 7 |

# અવસાન નોંધ



**આદિપુર** : રાજેશ આત્મારામ મેંઘાણી (ઉ.વ. ૫૪) (રાજ આર.ઓ. સિસ્ટમવાળા) તે સ્વ. ગીતાબેનના પતિ, પારસના પિતા, અનિતા પ્રકાશ ટેવાણી (નડિયાદ)ના ભાઈ, રોશનીના સસરા, હર્ષિતના દાદા, દુનિચંદ ગોવિંદરામ મેંઘાણી, મુરલીભાઈ, સ્વ. ચંદરભાઈ, આસનદાસ (નડિયાદ), મીરા અરજનદાસ ભંભાણી (અમદાવાદ)ના ભત્રીજા, રાજુ, જયકિશન, ચેતન, કમલ, રીટા વાસુ ટેવાણી (ગાંધીધામ), વીનુબેન દીપક મુરજાણી (રાજકોટ), અંજલિ વિક્રમ પારવાણી (દિલ્હી), વનિતા ગૌરવ ચાવડા (વડોદરા)ના કાકાઈ ભાઈ તા. ૧-૫ના અવસાન પામ્યા છે. પઘડી / પ્રાર્થનાસભા તા. ૪-૫ના શનિવારે સાંજે ૬:૩૦ કલાકે ઝૂલેલાલ મંદિર, નવવાળી, આદિપુર ખાતે.

**અંજાર** : પુષ્કર્ણા બ્રાહ્મણ ગં.સ્વ. ગયાબેન મોહનલાલ હર્ષ (ઉ.વ. ૮૫) તે સ્વ. મોહનલાલ જીવણદાસ હર્ષના પત્ની, સ્વ. સુરેશભાઈ (દ્વારકાધીશ મંદિર), સ્વ. પ્રફુલ્લભાઈ, શાંતિલાલ (રાજન પકવાન), ભારતીબેન, લતાબેનના માતા, ગં.સ્વ. સરલાબેન, ગં.સ્વ. કમળાબેન, જયશ્રીબેન, ચંદુલાલ વાસુ (નલિયા), ભરતભાઈ આચાર્ય (નાની વિરાણી)ના સાસુ, સ્વ. કેશવજી રાઘવજી પણિયા (નિરોણા)ના પુત્રી, સ્વ. આણંદજીભાઈ, સ્વ. વેલાબેન, સ્વ. દેવજીભાઈના બહેન, સ્વ. દેવકન્યાબેન હંસરાજના દેરાણી, મંજુલાબેન મૂળશંકરના જેઠાણી, સ્વ. સાવિત્રીબેન (મુંદરા), સ્વ. વસંતબેન (મુંદરા), ચંદાબેન (જામનગર)ના ભાભી, દીપેન (પ્રમુખ, અંજાર પુષ્કર્ણા બ્રાહ્મણ મહાસ્થાન, રામ ઘનશ્યામ જન્મોત્સવ ટ્રસ્ટ), જિતેન (માધવ ઓટો), અભિષેક, પુનિત (કે. પી.ટી.), પ્રતીક, રાજન (પ્રમુખ, બજરંગ દળ - પૂર્વ કચ્છ), મયૂરી, સ્વેતાના દાદી, ગીતા, સોનલ, પૂનમ, ભક્તિ, ડિમ્પલ, ફાલ્ગુની, ધવલભાઈ પણિયા (ભુજ)ના દાદીસાસુ, દુલારી, મુકેશ, વિશાલ, રોહિત, સૃષ્ટિ, પ્રિયા, પાર્થના નાની, ધ્રુવ, પ્રકૃતિ, કિયાન, રાજવી, રાઘવ, ધ્રુવિ, કિવ, વેદના પરદાદી તા. ૨-૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૫ના શનિવારે સાંજે ૫થી ૬ રઘુનાથજી મંદિર, સવાસર નાકા, અંજાર ખાતે.

**અંજાર** : યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ જયેશ (ઉ.વ. ૫૯) તે સ્વ. રમણીકલાલ ભવાનીશંકર દવે તથા સ્વ. કસ્તૂરબેનના પુત્ર, સ્વ. પ્રદીપકુમાર રમણીકલાલ, સ્વ. ભરત, અરુણકુમાર રમણીકલાલ (રિટાયર્ડ બેંક ઓફ બરોડા), રાજેશ રમણીક (એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ - દિયોદર)ના ભાઈ, ગીતાબેન, રેખાબેન, ભાવનાબેનના ભાઈ, સ્મિતાબેન, વૃંદાવનબેનના દિયર, નિશાબેનના જેઠ, માનસીના કાકા, જય, દીપિકાના મોટાબાપા, સ્વ. હરિલાલ દવે (અમદાવાદ)ના દોહિત્ર તા. ૩-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૫ના સાંજે ૫:૩૦થી ૬:૩૦ શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિ, મહાલક્ષ્મી મંદિર, બ્રહ્મપુરી, અંજાર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેકટર-૧/એ, ગાંધીધામ**

**અંજાર** : શૈલેષભાઈ ગોરધનભાઈ સદલાણી ઉ.વ.48 તે સ્વ. ચંદ્રિકાબેન ગોરધનદાસ સદલાણી ના પુત્ર, તે સ્વ. ભચુબેન શામજી મુળજી વોરાણી ભમ્મરીયા ખેડોઇ વાળાના દોઇત્રા, તે મનોરમાબેન જગદીશભાઇ પંડયાના ભાઇ, તે પ્રતીક તથા કોમલબેન હિતેનભાઇ સોનીના મામા, તે ઇશિતાબેન (આદર્શ કુમાર પ્રા.શાળા)ના મામાજી, તે મંજુલાબેન રમણીકલાલ પલણ, સ્વ. શારદાબેન કાંતીલાલ પોબારાના ભાણેજ તે સ્વ. દામજીભાઇ માવજીભાઇ સદલાણીના ભત્રીજા, તે સ્વ. અંસુયાબેન, સ્વ. નટુભાઇ, સ્વ. ભીખુભાઇ, સ્વ. છોટુભાઇ (રંજન સાબુવાળા), ગીતાબેનના કાકાઇ ભાઇ, તા.3-5-24 શુક્રવારના રોજ અવસાન પામેલ છે સદગતની બંને પક્ષની પ્રાર્થનાસભા તા.5-5-24 રવીવારના રોજ સાંજના 5 થી 6 સમય દરમ્યાન શ્રી અંજાર ભાટિયા મહાજનવાડી ટેલીફોન એકસચેન્જની બાજુમાં, અંજાર મધ્યે રાખેલ છે.

**અંજાર** : જોગી મહેશ ધનજીભાઇ (ઉ.વ. ૫૦) તે સ્વ. ધનજીભાઇ અને હાંસબાઇના પુત્ર, રેખાબેનના પતિ, રમેશ, વિશ્રુ, રાજેશ, સોનબાઇબેનના મોટા ભાઇ, જગદીશ, દિલીપ, કમલેશ, સંગીતાબેનના પિતા, સ્વ. જેરામભાઇ અને કેસરબેન (માંડવી)ના જમાઇ, સૂરજ, સુમિત, સાગર, પીયૂષના મોટાબાપા, ધવલના દાદા, કમલેશ, નીરજના સસરા, રવજી લાખાના બનેવી તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. આગરીની રાત તા. ૫-૫ના રવિવારે તથા ઘડાઢોળ (પાણી) તા. ૬-૫ના સોમવારે સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાન રેલવે સ્ટેશન પાસે, જોગીવાસ, અંજાર ખાતે.

**ભુજ** : મૂળ ખંભરાના ઝવેરગર જેરામગર ગોસ્વામી (નિવૃત્ત એસટી) (ઉ.વ. ૭૭) તે સ્વ. વેલબાઇ જેરામગર કલ્યાણગરના પુત્ર, સ્વ. પંકજબેનના પતિ, સ્વ. બેનાબેન ભગવાનગર (ભુજ)ના જમાઇ, સ્વ. યોગિતાબેન (ચકુ), સ્વ. ધર્મેશ, મીનલબેનના પિતા, ધીરજપુરી ભગવાનપુરી (ભચાઉ), ધીરજગર ગૌરીગરના સસરા, સ્વ. ગૌરીગર, સ્વ. બલરામગર, કાશીગર, સ્વ. ગોવિંદગર, સ્વ. ધરમગર, સ્વ. નરશીગરના કાકાઇ ભાઇ, શૈલેશગર, તશ્નીનગર, કલ્પનાબેનના મોટાબાપા, નરેનગર, રાજેશગર, શિલ્પાબેન, રાજેશગર, ઉમેશગર, કલ્પેશગર, રવીનગર, નીતાબેન, કસ્તૂરબેનના કાકા, ગં.સ્વ. પ્રભાબેન લહેરગર, ધીરજગર ભગવાનગર, રક્ષાબેન હર્ષદગર (મુંબઇ), લતાબેન ઈશ્વરગરના બનેવી, મયૂરગર, પ્રજ્ઞેશગરના ફુવા, અર્ચનાબેન, ચાંદનીબેનના ફુવાજી સસરા, પ્રશાંતગર, ટ્વિંકલબેન, તૃપ્તિબેન, કરણગર, દેવીબેનના માસા, દિવ્યાબેન, ગૌરવ, રાહુલના માસાજી, જયદીપ, ઊર્વી, માનસી, હર્ષ, કાવ્યાના નાના, હિરલબેન, રામગરના નાનાજી સસરા તા. ૧-૫ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૫ના શનિવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ ગોસ્વામી સમાજવાડી, રામધૂન પાસે. ઘડાઢોળ તા. ૧૩-૫ના સોમવારે નિવાસસ્થાને.

**માધાપર (તા. ભુજ)** : ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ભુવડ સમવાય મનોરમાબેન (ઉ.વ. ૬૮) તે સ્વ. નારાણજી રણછોડ વ્યાસના પત્ની, મૂળશંકરભાઈ (સોરઠિયા સમાજવાડી વ્યવસ્થાપક)ના માતા, સ્વ. રામબાઈબાના પુત્રવધૂ, દમયંતીબેનના સાસુ, સ્વ. જશોદાબેન હરજીવન, સ્વ. રમાબેન દયારામના દેરાણી, ગં.સ્વ. કમળાબેન જશવંત રાવલ (મોરબી)ના પુત્રી, સનતકુમાર, પરેશભાઈ, સરોજબેન, ઉર્મિલાબેનના બહેન, સ્વ. મૂળશંકરભાઈ, સ્વ. ચમનલાલભાઈ, ગં.સ્વ. ભાનુબેન, ગં.સ્વ. રમાબેન, સ્વ. જગદીશભાઈ, ઉર્મિલાબેન રાવલ, શશિકાંતભાઈ, ઈન્દિરાબેન ઉપાધ્યાયના કાકી, સ્વ. હીરાલક્ષ્મીબેન, ગં.સ્વ. ભગવતીબેન, સ્વ. સરલાબેન, અલ્કાબેનના કાકીજી, ગં.સ્વ. કંચનબેન જોષી, જ્યોતિબેન ઠાકર, ભારતીબેન ઉપાધ્યાય, નરેન્દ્ર, અનિલ, નૂતનબેન ત્રિવેદી, મયૂર, વિમલ, મહેક, શિવાની, દીપાલીના દાદી, ઈન્દિરાબેન, કલ્પનાબેન, ડિમ્પલબેન, પ્રિયંકાબેનના દાદી તા. ૨-૫ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૫ના સાંજે ૪થી ૫ ઔદિચ્ય બ્રહ્મસમાજ નારાયણવાડી, જી.ઈ.બી. ઓફિસ સામે, માધાપર ખાતે.

**મુંદરા** : ભુકેરા મો. હાફીઝ (ઉર્ફે આવેજ) અનવર (ઉ.વ. ૧૧) તે ભુકેરા અ. સતારના પૌત્ર, ભુકેરા અનવર (ઉર્ફે પપ્પુ)ના પુત્ર તા. ૨-૫ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૫-૫ના રવિવારે સવારે ૧૧થી ૧૨ મહેશનગર જમાતખાના, મુંદરા ખાતે.

**મકડા (તા. માંડવી)** : ચાંદાબા હરભમજી જાડેજા (ઉ.વ. ૮૫) તે સ્વ. હરભમજી ઉમરાજીના પત્ની, સ્વ. દીપસંગજી, દાજીભા, સ્વ. વેસુભા, સોઢા પ્રતાપબા (ગેચડા), સોઢા મોહનબા (ગીરાબ, રાજસ્થાન), સોઢા અમૃતબા (કુરન)ના માતા, રતનજી, બટુકસિંહ, રાજેન્દ્રસિંહ, ભૂપતસિંહના દાદી તા. ૧-૫ના અવસાન પામ્યા છે. ઘડાઢોળ તા. ૯-૫ના તથા બેસણું તા. ૨થી ૫-૫ સુધી રાજપૂત ક્ષત્રિય સમાજવાડી, મકડા ખાતે.

**બાગ (તા. માંડવી)** : ગૌરીશંકર રવજી અખઈ મોતા (રાજગોર) (ઉ.વ. ૫૦) તે ગં.સ્વ. ધનબાઈ રવજી અખઈ મોતાના પુત્ર, જયાબેનના પતિ, કાનજી, મનીષાના પિતા, રીંકલના સસરા, સ્વ. વિશનજી અખઈ મોતા, ગં.સ્વ. જવેરબેન ભવાનજી પેથાણી (ફરાદી)ના ભત્રીજા, મંગલદાસ, કાંતિલાલ, મણિબેન બાબુલાલ પેથાણી (ફરાદી), ગં.સ્વ. જવેરબેન લાલજી શિણાઈ (ગાંધીધામ), ગં.સ્વ. હાસબાઈ દામજી નાગુ (બાગ)ના નાના ભાઈ, ભચીબેન, સ્વ. દમીબેનના દિયર, રીટાબેન, ભાવનાબેન, સીમાબેન, મિત્તલબેન, રાજેશ, ડિગેશ, અંકિતાબેન, ભૂમિકાબેનના કાકા, રાધાબેન જેન્તીલાલ કાનજી વ્યાસ (ગુંદિયાળી - શેખાઈબાગ)ના જમાઈ, હસમુખભાઈ, વિપુલભાઈ, ઈન્દિરાબેન રવિલાલ મોતાના બનેવી, હિનાબેન, જિજ્ઞાબેનના નણદોયા, નવીનભાઈ, ચુનીલાલ, વસંતભાઈ, વિનોદભાઈ, પુષ્પાબેન, દમયંતીબેનના ભાઈના જમાઈ તા. ૨-૫ના અવસાન પામ્યા છે. માવિત્ર પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૫ના શનિવારે બપોરે ૩થી ૬ બાગ રાજગોર સમાજવાડી ખાતે તથા સાસરા પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૫ના શનિવારે બપોરે ૩થી ૫ શેખાઈબાગ રાજગોર સમાજવાડી (શેખાઈબાગ - ગુંદિયાળી) ખાતે.

**બિદડા (તા. માંડવી)** : વાઘજીભાઈ (ઉ.વ. ૭૫) તે સ્વ. સંઘાર રાણબાઈ અભ્રરામભાઈ સાકરિયાના પુત્ર, સ્વ. અજબાઈના પતિ, સ્વ. કાનબાઈ ચનુભાઈ સુઈયા, કેશરબાઈ રાજેન્દ્ર જુમા સુઈયાના ભાઈ, હીરાલાલ, કરશનભાઈ, પ્રભાબેન વિરમ સુઈયાના પિતા, સ્વ. કુકાભાઈ ઉકાભાઈ સુઈયા (પીપરી)ના જમાઈ, વિમણાબેન વિપુલ વાઘેલા (જખણિયા), જયશ્રીબેન કાનજી પ્યાજી (વાડાસર), રશ્મિબેન રસિક વાઘેલા (જખણિયા), હરેશ, દિનેશ, ગૌતમના દાદા, કાવ્ય, મૈત્રીના નાના તા. ૨-૫ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૪-૫ સુધી નિવાસસ્થાન સાવલા ફળિયું, બિદડા ખાતે.

**કોઠારા (તા. અબડાસા)** : જોગી (ચૌહાણ) મહેશ રવજીભાઈ (ઉ.વ. ૨૧) તે રવજી મમુના પુત્ર, સ્વ. મમુ મીઠુના પૌત્ર, સ્વ. નવીન મમુ, નાનજી મમુ, મહેન્દ્ર મમુના ભત્રીજા, નરસી નવીન, બુધિયા રવજી, શંકર રવજીના ભાઈ તા. ૨૫-૪ના અવસાન પામ્યા છે. તા. ૫-૫ના આગરી, તા. ૬-૫ના બારમું (પાણી) નિવાસસ્થાને.

# સરહદ ડેરી દ્વારા મતદાન કરનાર પશુપાલકને દૂધમાં પ્રતિલીટરે ૧ રૂપિયો વધુ આપશે



ગાંધીધામ : લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. ત્યારે દરેક જિલ્લાઓમાંથી વધુમા વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામા આવતા હોય છે. ત્યારેએમ.પી. શ્રી સી.આર.પાટીલ તેમજ સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ પંચાલ દ્વારા કરેલ સુચન અનુસારઅમૂલ ફેડરેશનનાડાયરેક્ટર બોર્ડ તેમજ જિલ્લા દૂધ સંઘદ્વારા મતદાર જાગૃતિ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. પશુપાલક મતદાનના દિવસે વોટિંગ કરશે તેને દૂધમાં પ્રતિ લીટરે ૧ રૂપિયો વધુ મળશે. કચ્છ જિલ્લામાં સરહદ ડેરી દ્વારા આ જાહેરાતથી આશરે ૩૪ હજાર જેટલા પશુપાલકો ને લાભ મળશે.મતદાનના દિવસે મતદાન કર્યાનું નિશાન બતાવનારને સીધો લાભ અપાશે.હાલમાં સરહદ ડેરી સાથે ૯૨૦ દૂધ મંડળીઓ અને૩૪ હજારપશુપાલકો જોડાયેલા છે. આ જાહેરાત સાથે અમૂલ તરફથી સમગ્ર ગુજરાતમાં મતદારોમાં જાગૃતિ લાવવાના હેતુથી વધારાના ૧.૫ કરોડ રૂપિયા પશુપાલકો ને ચૂકવવામાં આવશે.આ સાથે અમૂલ ફેડરેશનના વાઈસ ચેરમેન અને સરહદ ડેરી ના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલ દ્વારા વધુમાં વધુ મતદાન થાય તે માટે પશુપાલકો ને અનુરોધ કર્યો હતો. તેમજ સરહદ ડેરી સાથે સયોજિત ૯૨૦દૂધ મંડળીઓ ઉપર મતદાન જાગૃતિ માટેના શપથ પણ લેવડાવ્યા હતા.





લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા ૨જી મે ગુરુવારે બપોરે ૨:૦૦ કલાકે વાલીઓ માટે ગજવાણી પ્રાથમીક શાળા, ગાંધીધામ ખાતે ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 100 લાભાર્થીઓએ હતા. તેમજ સંજીવ ભાર્ગવ, આરતી છતલાણી, બિંદુ ભાર્ગવ, રવિ પમવાણી સભ્યો હાજર રહ્યા હતા.

## કચ્છ કચ્છનોંધ

**માધાપરમાં નિઃશુલ્ક નિદાન કેમ્પ**

● માધાપર ગાયત્રી મંદિરમાં કાન, નાક તેમજ ગળાને લગતી તમામ પ્રકારની બીમારી તેમજ વર્ટીગો ( ચક્કર આવવા)ની તકલીફ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પ તારીખ ૫/૫ને રવિવારના સવારે ૯થી ૧૦ યોજાશે, જેમાં ડોક્ટર નીલ દેવેન્દ્રભાઈ પરમાર સેવા આપશે.

## રત્નકણિકા

**મેઘાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.- યજુર્વેદ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧૧ વરૂથીની એકાદશી, શ્રી વલ્લભાચાર્ય જયંતિ, પંચક તા.૪ મે ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૪, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૧૮

આજનો દિવસ અશુભ છેઆજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સાંજે ૪:૩૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.

**વૃષભ** : માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.

**મિથુન** : રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.

**કર્ક** : પુરૂષાર્થનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.

**સિંહ** : મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.

**કન્યા** : યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

**તુલા** : માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.

**વૃશ્ચિક** : વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.

**ધન** : વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.

**મકર** : ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.

**કુંભ** : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક લાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.

**મીન** : આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી દશા ઓસવાલ જૈન ગામ રંગપુર હાલ મુલુંડ, કેસરબાઈ ધરમશી મુનવરના પુત્ર પ્રવીણભાઈ ધરમશી મુનવર (વોરા) (ઉં. વ. ૮૦) ૧-૫-૨૪ને બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. તે અનિશ-દિપ્તી, અલ્પા રાજેશ લાપસીયા, સોનલ મુકેશ લોડાયા, મીતા અજીત ધરમશી, નીરજ હેમંત લોડાયાના પિતા. ગામ સેવક ભરૂડિયાના સ્વ. દમયંતીબેન નાગશી દંડના જમાઈ. તે ઠાકરશીભાઈ, પુનશીભાઈ, જીવરાજભાઈ, વેલબાઈ, પુરબાઈ, જયવંતીબાઈ, માનબાઈના ભાઈ. પ્રાર્થનાસભા ૪-૫-૨૪ને શનિવારે ૩.૩૦થી ૫, કાલીદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ વેસ્ટ.

વાગડ વિ.ઓ. જૈન ગામ મનફરાના સ્વ. હંસાબેન સાવલા (ઉ.વ. ૫૯) તા. ૩૦-૪-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. દેશરીબેન અરજણના પૌત્રવધૂ, સ્વ. વાલજીના ધર્મપત્ની. જીગર, જુગલના માતુશ્રી. જીગ્ના, સેજલના સાસુ. કેવીન, જેહાનના દાદી. મણીલાલના ભાભી. ગામ મનફરાના સોનાબેન/રતનબેન હેમરાજ રવજી ગડાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૪ના ૪થી ૫.૩૦. સ્થળઃ શ્રી વ.સ્થા. જૈન, સં.સં. કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ.

વાગડ વિ.ઓ. જૈન ગામ ભચાઉના સ્વ. રતનબેન વિસરીયા (ઉં.વ. ૮૦) સોમવાર, તા. ૨૯-૪-૨૪ના અવસાન પામેલ છે. તે લખમશી કેશવજી વિસરીયાના ધર્મપત્ની. સ્વ. મેરઈબેન કેશવજી કુંભા વિસરીયાનાં પુત્રવધૂ. દીપક, વિપુલ, ઈન્દુમતી, રસીલા, જ્યોત્સના, વર્ષા, મીનાક્ષીના માતુશ્રી. સ્વ. ચંદન, વનિતા, નિલેશ, પંકજ, રમેશના દાદી. ભચાઉ અરઘાબેન મેઘજી ફરિયાના દીકરી. પ્રાર્થના રાખેલ નથી. ઠેઃ વિન્ડસર ચેમ્બર, ૨જે માળે, ૭ કાવસજી પટેલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૧.

કચ્છી વિશા ઓશવાળ જૈન સણોસરાના ખીયશી નાગડા (ઉં.વ. ૮૬) તા. ૩૦-૪-૨૪ના અવસાન પામેલ છે. મા. ગંગાબાઈ નરશીના સુપુત્ર. પુષ્પાબેનના પતિ. ભાવના, ચંદન, ચેતન, નીતા, ભરતના પિતા. પ્રેમજી, રવજી, ધનજી, લખમશી કલ્યાણજી, આસબાઈ, સુંદરબેન, અમૃતબેનના ભાઈ. મોથારા રાજબાઈ ખેરાજના જમાઈ. પ્રા. નારાણજી શામજી વાડી, ૩ થી ૪.૩૦, ૧લે માળે, માટુંગા (સે.રે.) નિવાસઃ ચેતન નાગડા, ૧૦૧-૨૦૧, કાંતી એક્લેવ, લાલ ગોદામ, વસઈ (વેસ્ટ).

વિઢના લખમશી પાસુ ગોસર (ઉ.વ. ૮૨) ૨-૫ના અવસાન પામેલ છે. કણકઈબાઈ ગેલાના પૌત્ર. પુરબાઈ પાસુના પુત્ર. ચંચળના પતિ. અશોક, ભાવના, નીતા, કેતનના પિતાશ્રી. મોહન, મધુરી, મંજુલા, પ્રેમજી, તરૂણના ભાઈ. આસબાઈ દેવજી છેડાના જમાઈ. પ્રા. સમય ૩.૩૦ થી ૫. મામણીયા-નંદુ અ. ગ. જૈન ભવન, સ્ટેશન રોડ, જોગેશ્વરી (ઈ). ઠે. કેતન, ૭૦૨, સાઈ દર્શન, નટવરનગર રોડ નં. ૨, જોગેશ્વરી.

પત્રીના કિશોર દામજી ધરોડ (ઉં.વ. ૬૨) તા. ૨-૪-૨૪ના અવસાન પામેલ છે. દમયંતીબેન દામજીના પુત્ર. પ્રેમીલાના પતિ. ડો. ભરત, હરીશ, શૈલેષ, ઈન્દુ, નયના, મીતાના ભાઈ. ચિયાસરના ભાણબાઈ રવજી વેલજીના જમાઈ. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. પ્રાર્થનાઃ શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર. સમયઃ ૨ થી ૩.૩૦ બપોરે. એડ્રેસઃ કિશોર ધરોડ, આશીર્વાદ-એ-૧૨, બીજે માળે, ગુણસાગરનગર, સ્ટેશન રોડ, કલવા (વેસ્ટ).

કચ્છી લોહાણા સ્વ. ગોવિંદજી લાલજી ઠક્કર (અડવા) ગામ વરલીવાળાના ધર્મપત્ની ગં.સ્વ. સીતાબેન ગોવિંદજી ઠક્કર હાલ મુલુંડ (ઉં. વ. ૭૮) ૨-૫-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. રામજી લાલજી કારીયાના સુપુત્રી. સ્વ. લાલજી જેઠા ઠક્કરના પુત્રવધૂ. નયના રમેશ રૂપારેલ, શાલિની લલિત નેણસોમૈયા, સપના સુનીલ ગણાત્રા, યામિની હરેશ ઠક્કરના માતુશ્રી. સ્વ. રામજી લાલજી અડવા, સ્વ. પ્રેમજી લાલજી અડવા, સ્વ. તુલસીદાસ લાલજી અડવા, સ્વ. રતનબેન વિઠ્ઠલદાસ ઠક્કર, સ્વ. ગોદાવરીબેન શામજી રૂપારેલના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૪-૫-૨૪ના ૫થી ૭, શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, ૧લો માળ, પવાણી હોલ, આરઆરટી રોડ, મુલુંડ વે. લૌકિક વ્યવહાર બંધ છે.

મારો તાલુકો... મારી વાત...

# અબડાસામાં અસુવિધાઓ અથાગ પણ ખુમારી અકબંધ

## નર્મદાના નીર અને ભારતીય રેલવે, ક્યારે આવશે ? કોંગ્રેસ

અબડાસા તાલુકાનો વિકાસ માત્ર અને માત્ર ભાજપના નેતાઓની વાતોમાં જ થયો છે. અબડાસાવાસીઓને આ વિકાસ ગોત્વો જડતો નથી તેવું અબડાસા તાલુકા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ મોકાજી જાડેજાએ જણાવ્યું હતું. આ તાલુકામાં એકેય સરકારી કોલેજ નથી કે કોઈ સારી હોસ્પિટલ પણ નથી. સરકારી શાળાઓ અને આરોગ્ય કેન્દ્રમાં મહેમ ઘટ જોવા મળે છે. વિકાસ કોને કહેવાય તે આ વિસ્તારના લોકોને ખબર જ નથી. નર્મદાના નીર હોય કે ભારતીય રેલ અબડાસાના લોકોને તેના દર્શન થયા નથી. રેલનું એન્જિન તો નલિયા પહોંચ્યું છે પણ રેલવેની સેવાનો ક્યારે લાભ મળશે તેવી રાહ તાલુકાવાસીઅ જોઈ રહ્યા છે. વિકાસના બદલે જખૌ બ્દરનો તો વિનાશ થય છે. એક સમયે હજારો માછીમારો જખૌમાં રોજગાર મેળવતા હતા તે જખૌનું બંદર આજે સ્મશાન ભાસી રહ્યું છે. જખૌમાં રખડતા કૂતરાઓને ખવડાવવાળું પણ કોઈ રહ્યું નથી તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

**૮૫ ગ્રામ પંચાયતો સહિત ૧૬૭ ગામો ધરાવતા કચ્છના પશ્ચિમી છેડે આવેલા તાલુકામાં ધંધા-રોજગાર માટે મર્યાદિત સંશાધનોઃ તાલુકાના અનેક લોકો નોકરી - વ્યવસાય અર્થે સહપરિવાર કરી ગયા છે હિજરત**

નલિયા : રાજપૂત શુરવીર અબડા અડભંગના નામ પરથી અબડાસા તાલુકાનું નામ પડ્યું છે. લોકવાયકા પ્રમાણે અબડા અડભંગે માથું વઢાઈ જતા ૭૨ દિવસ સુધી ફક્ત ધડથી દુશ્મનો સામે યુદ્ધ કરી પોતાનું બલિદાન આપ્યું હતું. અબડાસાની પ્રજામાં પણ તેવી જ ખુમારી આજેય પણ અકબંધ રહી છે.

કચ્છના પશ્ચિમ છેડે આવેલો અબડાસા તાલુકો એક સમયે દુર્ગમ વિસ્તાર ગણાતો હોત. સિમેન્ટ ઉદ્યોગ આવ્યા બાદ અબડાસા તાલુકામાં અન્ય સંલગ્ન વ્યવસાયોનો વિકાસ થયો છે. અબડાસાનું જખૌ બંદર માછીમારી માટે પ્રખ્યાત હતું. જોકે, હાલે જખૌ બંદર સૂમસામ બની ગયું છે. રેલવેની મીટરગેજ સુવિધા શરૂ થયાના થોડા સમય બાદ જ બંધ થઈ હતી. હાલમાં નલિયા સુધી ગેજ પરિવર્તનનું કામ પૂર્ણ કરાયું છે.

જોકે, અન્ય માળખાકીય સુવિધાઓના કામ હજુ સુધી અધુરા હોવાથી નલિયા સુધી માત્ર રેલવેનું એન્જિન જ પહોંચ્યું છે. ટ્રેન સેવા ક્યારે શરૂ થશે તે વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. અબડાસા તાલુકામાં મુખ્ય વસ્તી મુસ્લિમ, ક્ષત્રિય, ભાનુશાલી, દલિત સમાજની છે. ૨૩૯૮.૨૮ સ્કવેર કિલોમીટરમાં પથરાયેલા અબડાસા તાલુકામાં ૮૫ ગ્રામ પંચાયતો અને ૧૬૭ ગામોનો સમાવેશ થાય છે. આ તાલુકામાં એકેય નગરપાલિકા નથી. અબડાસા તાલુકાના ગામોમાંથી અનેક લોકો ધંધા-રોજગાર માટે ગુજરાતના વાપી, વલસાડ, અમદાવાદ અને દેશના મુંબઈ, વાસી સહિતના મહાનગરોમાં સ્થાયી થયા છે.

અબડાસા તાલુકામાં આરોગ્ય સુવિધાનો મોટો અભાવે છે. સારી હોસ્પિટલની સુવિધા ન હોવાથી તાલુકાના લોકોને સારવાર માટે ભુજ, ગાંધીધામ કે અન્ય શહેરોમાં જવાની ફરજ પડે છે. અબડાસા તાલુકામાં સૈદ્ધાંતિક મંજૂરી મળી છે, પરંતુ હજુ સુધી કોલેજ શરૂ થઈ નથી. અહીંના છાત્રોને ઉચ્ચ શિક્ષણ માટે સ્થળાંતર કરવાની ફરજ પડે છે.

## અબડાસામાંથી લોકોનું પલાયન બન્યું ભૂતકાળ

**વિતેલા દસકમાં થયેલા શ્રેણીબદ્ધ વિકાસકામો થકી છેવાડાના લોકોનું જીવનસ્તર સુધર્યું : જયદીપસિંહ જાડેજા (મહામંત્રી)**

અબડાસા તાલુકા ભાજપના મહામંત્રી જયદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વિતેલા ૧૦ વર્ષમાં સરહદી અબડાસા તાલુકામાં નાના-મોટા સેંકડો વિકાસકામો થયા છે. માળખાકીય સુવિધાઓના વિકાસ થકી હવે અબડાસા તાલુકામાંથી થતું લોકોનું પલાયન ભૂતકાળ બન્યું છે. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા અને સ્થાનિક જનપ્રતિનિધિઓના સહકારથી અબડાસાના વિકાસમાં ખૂટતી કડીઓની પૂર્તતા કરવામાં આવી છે. અબડાસાની વર્ષો જુની સહકારી કોલેજની માંગ સંતોષાઈ છે. ખેડૂતોને દિવસના ભાગે વીજળી, રોડ-રસ્તા, પુલિયાના અનેક કામો થયા છે. અબડાસાના લોકોને નર્મદાનું પીવાનું પાણી મળતું થયું છે. આગામી દિવસોમાં અબડાસની જીવાદોરી સમાન મીઠી ડેમ જેવા જળાશયો નર્મદાના નીરથી છલકાવી દેવાની યોજના સાકાર થવા જઈ રહી છે. પીંગલેશ્વર, મતિયાદેવ, અબડાદાદાના મંદિર જેવા ધાર્મિક તીર્થસ્થાનોના વિકાસ માટે માતબર જોગવાઈ થઈ છે અને કામો હલે પ્રગતિમાં છે. વડાપ્રધાન મોદીના વીઝનથી આજે નાણાંપંચની ગ્રાંટ સીધી ગ્રામ પંચાયતના સરપંચને મળતી થઈ છે જેથી ગામડાઓનો વિકાસ ઝડપી થયો છે. ભુજ-નલિયા રેલવે લાઈનનું કામ પૂર્ણ થયું છે. દેશલપર-નલિયા જેવા તાલુકાના અનેક મહત્ત્વના રસ્તાઓના કામ મંજૂર થયા છે અને હાલે પ્રગતિમાં છે. અબડાસા તાલુકાનું એકેય ગામ વિકાસથી વંચિત રહ્યું નથી તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# ભાજપના ચૂંટણી પ્રચારાર્થે અમરાવતીના સાંસદ નવનીત રવિ રાણાનો આજે કચ્છમાં ભવ્ય રોડ શો



ભુજ : કચ્છ લોકસભા ચૂંટણીના ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાના ચૂંટણી પ્રચારાર્થે અમરાવતી (મહારાષ્ટ્ર)ના વર્તમાન સાંસદ અને લોકસભા ચૂંટણીના ઉમેદવાર નવનીત રવિ રાણા ભુજ ખાતે આજે ભવ્ય રોડ શો માં ઉપસ્થિત રહેશે.

આજે સાંજે ૪:૩૦ કલાકે રોડ શોનો પ્રારંભ હોટલ વિરામ ભુજથી શરૂ થઈ જ્યુબીલી ગ્રાઉન્ડ, હોસ્પિટલ રોડ, લાલ ટેકરી, અનમ રીંગ રોડ, મહેરઅલી ચોક, વાણીયાવાડ, છઠ્ઠીબારી રીંગ રોડ, જિલ્લા પંચાયત થઈ રોડ શો ગાંધીજીની પ્રતિમા હમીરસર તળાવ પાસે પૂરો થશે.

નવનીત રવિ રાણા રાજકરણીની સાથે ભૂતપૂર્વ અભિનેત્રી છે, જેમણે મુખ્યત્વે તેલુગુ સિનેમામાં અભિનયના ઓજસ પાથર્યા હતા. ધૂમતું શૈલી રબારી માલધારીઓ કાયમ પોતાના ઊંટ લઈ મહારાષ્ટ્ર - આંધ્ર તરફ જાય છે.

૨૦૨૨માં આ ઊંટ અને માલધારીઓને તલેગાંવ પોલીસે અમરાવતીમાં પકડી લીધા હતા ત્યારે કચ્છ લોકસભાના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાએ તાત્કાલિક નવનીત રાણાનો ટેલીફોનીક સંપર્ક કરતા તેમણે ત્યાં અધિકૃત અધિકારીઓને જણાવી ઊંટ અને માલધારીઓને છોડાવ્યા હતા. સાંસદે તેમની કચ્છ અને કચ્છીજનો પ્રત્યેની લાગણીને બિરદાવી હતી. તેઓ વિનોદભાઈ ચાવડાના પ્રચારાર્થે ભુજ ખાતે ભવ્ય રોડ શો કરશે.

### શ્રમયોગીઓ મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા તાકીદ

અંજાર : ચૂંટણીપંચના ૩૦મી માર્ચના પરિપત્રની જોગવાઈ મુજબ અંજાર નગરપાલિકાની હદમાં આવતા હોય તેવા ધંધાર્થીઓને જાણ કરવામાં આવે છે કે, આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે ગુજરાતમાં ૭મી મે મંગળવારના મતદાન થનાર છે. મતદાનના દિવસે મતદાન કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ એકટ હેઠળ સ્થાનિક સંસ્થાઓ, દુકાનો, વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔધોગિક એકમો, ખાનગી હોસ્પિટલ વગેરેમાં કામ કરતા સ્ટાફને સવેતન રજા આપવાની રહેશ, જેની નોંધ લેવા અંગે ઓફિસરની યાદીમાં જણાવ્યું છે.

### ભાજપના કાર્યકર્તા દ્વારા સાંસદને આવકાર અપાયો



લોકસભા ચૂંટણી અંતર્ગત કચ્છ લોકસભા વિસ્તારના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાના સર્મથનમાં આયોજિત રોડ શોમાં ચુંટણી પ્રચાર અર્થે ભુજ પધારેલા અમરાવતીના સાંસદ નવનિતકોર રાણાને સંયોજક ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી દીલીપભાઈ શાહ, નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ભુજ શહેર ભાજપના પ્રમુખ બાલકૃષ્ણ ભાઈ મોતા, ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડા, અજયભાઈ ગઢવી, મયંકભાઈ રૂપારેલે આવકાર આપ્યો હતો.

ગઢશીશા વિસ્તાર ક.ક.પા. સમાજ સમુહલગ્ન સમિતી આયોજિત

# ગઢશીશાના આંગણે અખાત્રીજના સોળમો સમુહલગ્ન સમારોહ યોજાશે



ગઢશીશા : ગઢશીશા વિસ્તાર કચ્છ કડવા પાટીદાર સમાજ સમુહલગ્ન સમિતી દ્વારા દર વર્ષની જેમ ચાલુ સાલે અખાત્રીજના શુભ અવસરે સોળમા સમુહલગ્ન સમારોહનું આયોજન સમિતીના પ્રમુખ શામજીભાઈ નારણ નાકરાણીની અધ્યક્ષતામાં સમાજના વિવિધ અગ્રણીઓ-પદાધિકારીઓ અને સંતો-મહંતોના આશીર્વાદ વચ્ચે કરવામાં આવ્યું છે. જેમાં સમાજના આઠ નવદંપતિઓ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા પ્રભુતામાં ડગ માંડશે.

શાસ્ત્રી જયંતીભાઈ જોષી (વેકરાવાળા)ના આચાર્ય પદે યોજાનાર સમુહલગ્ન વૈશાખ સુદ-૩ (અખાત્રીજ) શુક્રવાર તા. ૧૦-૫-૨૦૨૪ના ગઢશીશા પુંજાણી હાઈસ્કૂલ પટાંગણ મધ્યે વિશાળ શમીયાણીમાં યોજાશે. કાર્યક્રમ મુજબ અખાત્રીજના સવારે મંડપ મુહૂર્ત ૮ કલાકે જાન આગમન સામૈયું સવારે ૮ કલાકે, હસ્તમેળાપ સવારે ૯.૩૦ કલાકે અને ૧૧.૩૫ કલાકે, વડીલો-સંતો- અને મહાનુભાવોના આશીર્વચન સાથે વર-કન્યાઓને લગ્ન રજિસ્ટ્રેશન પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે તેમજ બપોરે ૨ કલાકે કન્યા વિદાય અપાશે.

**સમાજના વિવિધ અગ્રણીઓ-પદાધિકારીઓ અને સંતો મહંતોની ઉપસ્થિતિમાં સમાજના આઠ નવદંપતિઓ પ્રભુતામાં ડગ માંડશે**

સમિતીના પ્રમુખ શામજીભાઈ નાકરાણીની અધ્યક્ષતામાં યોજાનારા સમુહલગ્નોત્સવના આયોજનને સફળ બનાવવા સમિતીના ઉપપ્રમુખ સરેવ નારણભાઈ ખીમજી ચૌહાણ, હિરાલાલ માવજી સેંઘાણી, કેશુભાઈ પારસીયા, મહામંત્રી જયેશભાઈ સોમજી છાભૈયા, સહમંત્રી કલ્યાણજી કરમશી પારસીયા, જયંતીલાલ રામજી વાડીયા, ખજાનચી પરશોતમ વિશ્રામ વાસાણી, સહખજાનચી જેઠાલાલ રતનશી છાભૈયા, જીવરાજ શામજી સેંઘાણી, હંસરાજ અરજણ વાસાણી, દીલીપ બાબુલાલ રંગાણી તેમજ સહમંત્રી મહેન્દ્ર શાંતિલાલ રામાણી, કાંતિલાલ નારણ સેંઘાણી સહિત કારોબારી સદસ્યો, યુવા મંડળ તેમજ મહિલા મંડળના પ્રતિનિધિઓ, ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવી રહ્યા છે. મુરબ્બી સલાહકારોનો આયોજનને સુચારૂ બનાવવા સુંદર સહયોગ સાંપડ્યો છે.

## સુખપર (રોહા)ના બિનનિવાસી દાતા પરિવારે લેવા પટેલ હોસ્પિ.ને ડાયાલિસીસ મશીન દાન આપ્યું



કેરા : કચ્છ લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ સંચાલિત મેઘબાઈ પ્રેમજી જેઠા લેવા પટેલ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરમાં સેવારત જયસામડાયાલિસીસ વિભાગને સુખપર (રોહા)ના લંડનવાસી કેરાઈ પરિવારે ૭.૫ લાખ રૂપિયાના દાન સાથે મશીન દાન આપ્યું હતું. મુળ ગામ સુખપર(રોહા) હાલે લંડન વસતા પરિવારના પિતા સ્વ. સામજીભાઈ કાનજી કેરાઈ, સ્વ. રામબાઈ કાનજી કેરાઈના શ્રેયાર્થે પુત્ર પ્રેમજીભાઈ કાનજી કેરાઈ, પુત્રવધુ લક્ષ્મીબેન, પુત્ર મહેન્દ્રભાઈ અને જગદીશભાઈ કેરાઈ સહપરિવાર દ્વારા ૭.૫ લાખ રૂપિયાના દાન સાથે ગરીબો માટેના તદ્દન મફત ડાયાલિસીસ (જયસામ) વિભાગને એક મશીન અર્પણ કરાયું હતું. આ પ્રસંગે દાતા પરિવારની પીઠ થાબડતા ટ્રસ્ટ ઉપાધ્યક્ષ કેસરાભાઈ રવજી પિંડોરીયા, મંત્રી મનજીભાઈ પિંડોરીયા, એમ.એમ.પી.જે. હોસ્પિટલના સંચાલક ટ્રસ્ટી અરજણભાઈ પિંડોરીયા,યુવક સંઘ મંત્રી રમેશભાઈ વરસાણી, અશ્વિન પિંડોરીયા, પ્રદિપ ભીંગરાડીયા, જયંતી પિંડોરીયા હાજર રહ્યા હતા. જયસામ ડાયાલિસીસ વિભાગ જિલ્લાનો સૌથી મોટો અને અદ્યતન નિઃશુલ્ક રીતે ચાલતો વિભાગ બન્યો છે. જેમાં ક્રમશઃ ૭૨ મશીનો કાર્યરત કરાશે જેથી કોઈપણ દર્દીને ડાયાલિસીસ માટે કયારેય ના પાડવી ન પડે તે માટે દાતાઓને આગળ આવવા સાથે ટ્રસ્ટ પ્રતિબધ્ધ હોવાનું અધ્યક્ષ ગોપાલભાઈ માવજીભાઈ ગોરસીયાએ લાગણી વ્યક્ત કરી હતી.

વધુમાં વધુ મતદાન થાય તે માટે બનાવવામાં આવેલી

# રણનીતીની પ્રેરણા મગન ગઢવી પાસેથી લેવા કાર્યકર્તાઓને શીખ અપાઈ



ભુજ : છેલ્લા ૨૧ વર્ષથી નરેન્દ્ર મોદી વિચાર મંચ સામાજીક અને રાજકિય સક્રિય રૂપથી એમાં મંચ યોગદાન આપતું રહ્યું છે. આખા ભારતમાં નરેન્દ્ર મોદી વિચાર મંચની શાખાઓ અને કાર્યકર્તાઓ ભારત માનેં પોતાની મા માને છે. આજે દુનિયાનો કોઈ એવો દેશ નથી જે પોતાના દેશને માની ઉપમાં આપી હોય માત્રને માત્ર ભારત દેશ એવો છે કે, લોકોએ માની ઉપમાં આપી છે. આ વાત નરેન્દ્ર મોદી વિચાર મંચના રાષ્ટ્રીય અધ્યક્ષ રવિ ચાણક્યજીએ ભેટ વેળાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રત્યેક લોકસભા સીટ પર ઊભેલા ઉમેદવારને જીતાવવાનું કામ મંચના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવે છે. ગુજરાતમાં કચ્છ મોરબી લોકસભા માટે પૂર્વવાર કાઉન્સિલમાં કોપ મેમ્બર અને ગુજરાતના નરેન્દ્ર મોદી વિચાર મંચના ઉપાધ્યક્ષ મગનભાઈ ગઢવીને પ્રભારી બનાવવામાં આવ્યા છે. તેઓ કચ્છ અને મોરબીના દરેક ગામમાં વધુને વધુ મતદાન થાય તેના માટેની રણનીતી મગનભાઈ ગઢવીએ બનાવી છે. આવા પ્રેરણાદાયક કાર્ય માટે દેશના દરેક કાર્યકર્તાઓએ શીખ લેવી જોઈએ. આ ઉતકૃષ્ઠ કાર્ય માટે શ્રી ગઢવીનો સ્વાગત થયો હતો અને દરેક કાર્યકર્તાઓએ લોકસભા સીટ પર વધુમાં વધુ મતદાન થાય તેવા પ્રયત્નો કરશે. ૨૦૧૪ મા લોકસભા ચૂંટણી વખતે યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લક્ષ્યાંક ૨૭૨ સીટોનો હતો અને ૨૦૧૯ મા ૩૦૦ સીટીનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો તે પૂરો થઈ ગયો હતો. આ વખતે ૪૦૦ના લક્ષ્યાંકને પાર કરવા મંચના પૂરા દેશના કાર્યકર્તા પૂરી નિષ્ઠાથી કાર્ય કરી ન માત્ર વોટ બ્લેક ૧૦૦ ટકા મતદાન થાય તેના માટે બનાવવામાં આવેલ માઈક્રો પ્લાનિંગ કરવામાં આવી છે તેના પર કાર્ય કરાશે. આ કામમાં પૂરેપૂરી સફળતા મળશે અને આપવામાં આવેલ લક્ષ્યને પાર પડાશે. રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ચાણક્જીએ જણાવ્યું કે, પહેલા સરકાર બદલે છે બીજીવાર તંત્ર બદલે છે અને ત્રીજીવાર વિચારધારા બદલાય છે. આપસી મતભેદોને ભૂલી એક થઈ નરેન્દ્રભાઈને સત્તા પર સફળતા મળશે તેવી ખાતરી સાથે જણાવાયું હતું.

# નારાયણ સરોવર ગૌશાળામાં ગૌમાતાઓને આમરસનું નિરણ

**દેશની પશ્ચિમી સરહદે ગૌરક્ષાનો પ્રેરણાદાયી સેવા યજ્ઞ**



ભુજ : નારાયણ સરોવર ગૌશાળા ખાતે મુંબઈ સ્થિત દાતા દૂધીબેન દેવચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ગૌમાતાઓને આમરસનું નિરણ કરાયું હતું. આ વિશે વધુ માહિતી આપતાં સંસ્થાના મંત્રી મૂળરાજભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, કરજણ (વડોદરા) ખાતે ગૌશાળામાં આમરસનું નિરણ કરાયું તેના સમાચાર જોઈ અહીં પણ આપણે ગૌમાતાને આંબાની સીઝનમાં આમરસ આપીએ તો ? એ વિચાર આવ્યો અને દાતાના સહયોગથી આ કાર્ય શક્ય બન્યું. પ્રથમ જ વખત ગૌશાળા ખાતે થયેલા આમરસના નિરણને ગૌમાતાઓએ પણ પ્રેમપૂર્વક આરોગ્યું હતું.

જિલ્લાના છેવાડાના વિસ્તાર અને દેશના પશ્ચિમી છેડે આવેલ હિન્દુ પરંપરાના આ પુરાણ પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર ખાતે છેલ્લા ૩૮ વર્ષથી ચાલતી આ ગૌશાળામાં ૮૬૫ જેટલા મૂંગા પશુઓ આશ્રય લઈ રહ્યા છે. આ વિશે વધુ માહિતી આપતાં મૂળરાજભાઈએ કહ્યું હતું કે, દરરોજ ચાર ટાઈમ અહીં ગૌમાતાઓને અપાતાં નિરણમાં લીલો સૂકોચારો ઉપરાંત ખાણદાણનો સમાવેશ થાય છે. સંસ્થામાં કાયમી પશુ ડોકટર છે, જે બિમાર અને અશક્ત પશુઓ સાથે અન્ય સ્વસ્થ પશુઓની સતત માવજત લે છે. જરૂરત પડ્યે મલ્ટી વિટામિન સાથે સ્વાસ્થ્યપ્રદ પૌષ્ટિક ખોરાક દ્વારા સંસ્થા પશુઓની તંદુરસ્તી માટે પૂરતી અંગત કાળજી લે છે. આ સંસ્થામાં પ્રમુખ તરીકે પરસોત્તમભાઈ કરસનદાસ ઠક્કર, ઉપપ્રમુખ તરીકે પંકજભાઈ મંગલદાસ ઠક્કર, ઘનશ્યામ રસિકલાલ ઠક્કર, મંત્રી તરીકે તુલસીદાસ ડુંગરશી ઠક્કર, ડો. પ્રવીણ દૈયા અને સમસ્ત ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન સાથે દાતાઓની હૂંફ અને સહયોગથી કપરા સમય વચ્ચે પણ અહીં ગૌરક્ષાનું સેવાકાર્ય સતત ધબકી રહ્યું છે. નારાયણ સરોવર અને કોટેશ્વર દર્શન માટે આવતાં યાત્રિકોએ એક વાર અહીં થતી ગૌસેવાને નિહાળવા અવશ્ય ગૌશાળાની મુલાકાત લઈ અને અનુદાન આપી પુણ્યનું ભાથું બાંધી શકે છે.

# નખત્રાણામાં જલેબી છાપ મીઠી આંબલીનું આગમન



નખત્રાણા : નગરમાં જલેબી છાપ મીઠી આંબલીનું આગમન થયું છે. દેવીપુજક વિક્રેતા બાબુભાઈ પટ્ટણી કહ્યું કે ચૈત્ર-વૈશાખ માસમાં મીઠી આંબલીનું આગમન થાય છે.

આ આંબલી નેત્રા , રવાપર, ખોભંડી વિસ્તારમાં મોટા પ્રમાણ થાય છે. આરોગ્ય માટે લાભ ફાયદાકારક આ આંબલીનો એક કિલોનો ભાવ ૮૦ થી ૧૦૦ રૂપિયા છે. આંબલીના શોખીનો ખરીદે છે. ઉપરાંત નખત્રાણાની આંબલી ગુજરાતના અન્ય શહેરોમાં પણ ઓર્ડર મળે છે.

### ધોળાવીરા નજીક ધરા ધણધણી : ૨.૭ ની તિવ્રતાનું કંપન

ભુજ : ભૂકંપ સંભવત ઝોન-૫ માં સમાવિષ્ટ કચ્છ જિલ્લામાં સમયાંતરે ભૂકંપના નાના - મોટા આંચકાઓ અનુભવાતા રહે છે. ગત રાત્રીએ પૂર્વ કચ્છમાં ૨.૭ ની તીવ્રતાનું કંપન અનુભવાયું હતું. આ અંગે મળતી વિગત મુજબ પૂર્વ કચ્છના ધોળાવીરા નજીક ગત રાત્રીએ ૧૦.૫૬ કલાકે ધરા ધ્રુજી ઉઠી હતી. ધોળાવીરાથી માત્ર ૪ કિલોમીટર દૂરના કેન્દ્રબિંદુ ધરાવતા આંચકાની તિવ્રતા ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટયુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર ખાતે રિકટર સ્કેલ પર ૨.૭ અંકિત થઈ હતી.

### ભુજ આરટીઓ અને અંજાર એઆરટીઓ કચેરી ખાતે તા.૬ થી ૮ મે સુધી કામગીરી બંધ રહેશે

ભુજ : લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત આર.ટી.ઓ ભુજ કચેરીના મો.વા.નિ. - સ.મો.વા.નિ. તથા કર્મચારીઓ ચૂંટણીને લગતી કામગીરીમાં રોકાયેલા હોવાથી તા.૬/૫થી તા.૮/૫ સુધી ભુજ કચેરીની સારથી સોફટવેરને લગતી નોન ફેસલેસ કામગીરી જેવી કે, લાયસન્સમાં નવા વ્હીકલ કલાસનો ઉમેરો, ડી.એલ.ટેસ્ટ, લાયસન્સ રીન્યુઅલ, કંડકટર લાયસન્સ તેમજ લાયસન્સની તમામ નોન ફેસલેસ કામગીરી બંધ રહેશે તથા વાહનની કામગીરી જેવી કે, વાહન ટ્રાન્સફર, લોન ઉમેરો, લોન ટર્મીનેશન, વાહનની એન.ઓ.સી, સરનામામાં ફેરફાર, ડુપ્લીકેટ આર.સી તેમજ વાહનની તમામ નોન ફેસલેસ કામગીરી બંધ રહેશે તેજ રીતે પૂર્વ કચ્છમાં એઆરટીઓ કચેરી, અંજાર ખાતે પણ ત્રણ દિવસ કામગીરી બંધ રહેશે.


સ્ટાફ જોઈએ છે - ભુજ બસ પોર્ટ માટે

એકાઉન્ટન્ટ (૨ થી ૩ વર્ષના અનુભવી)

કતીરા કયુબ ટ્રાન્સપ્લાઝા, ભુજ પ્રા.લિ. M.8141479861

આપનો બાયોડેટા ઈ-મેઈલ : kctplbhuj@gmail.com પર મુકવા અથવા ભુજ બસ પોર્ટ સાઈટ ઉપર રૂબરૂ આપી જવું.


# પુનિતવનમાં લોકફાળાથી બાંકડા મુકાયા



ભુજ : મુંદરા રોડ રીલોકેશન સાઈડ અને મા આશાપુરા સ્કૂલ પાછળ આવેલ પુનિતવનમાં સિનિયર સિટીઝનો, વડિલો, મહિલા, બાળકો આવતા હોવાથી બાંકડાની જરૂરત હતી. દાતાઓના સહયોગથી બાંકડા મુકવામાં આવ્યા હતા. આ વેળાએ કિશોરભાઈ સુખડિયા, બળવંતસિંહ જાડેજા, ભૂપેન્દ્રભાઈ મહેતા, રમેશભાઈ આહિર, પ્રદિપભાઈ દવે, ચમનભાઈ પંચાલ, પ્રદિપભાઈ શાહ, મહેશભાઈ શાહ, રમેશભાઈ ગોરસિયા, નીતિનભાઈ કોઠારી, ઉપેન્દ્રભાઈ ભટ્ટ, જગદીશભાઈ જરાદી, મયુરભાઈ ગઢવી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### કચ્છ જ્યોતિષ મંડળનું સ્નેહમિલન યોજાયું

ભુજ : કચ્છ જ્યોતિષ મંડળનું સ્નેહમિલન અશોકભાઈ માંડલિયાના નિવાસ સ્થાને પ્રમુખ નરેન્દ્ર ગોરની ઉપસ્થિતિમાં યોજાયું હતું, જેમાં દરેક સભ્યોએ ઉપસ્થિત રહી નવા વર્ષની દરેકને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. પીઢ જ્યોતિષી રમેશભાઈ વૈદ્ય ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. મુંબઈથી પ્રીતિબેન રાજગોર ઉપસ્થિત રહ્યાં હતાં. દરેક સભ્યોનું મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું. સભ્યોએ એકબીજાને શુભેચ્છા પાઠવી હતી. મંત્રી અશોકભાઈ માંડલિયાએ આભારવિધિ કરી હતી.




### પૂર્વ કચ્છ ખાણખનિજ અધિકારીની ધોંષ બોલાવતી કાર્યવાહી યથાવત

# હવે મુંદરામાં માટીચોરો ચડયા ઝપ્ટે : દોઢ કરોડથી વધુનો મુદામાલ ઝપ્ત : શ્રી પટેલની લાલઆંખ..!





**વિલમાર કંપની બાજુના ભાગમાંથી સરપ્રાઇજ ચેકીંગ દરમ્યાન એક હીટાચી મશની, બે ડમ્પર સાથે ૧.૫૫ કરોડનો મુદામાલ ઝડપી મુંદરા પોલીસને સોંપાયો : ખનીજચોર તત્વોમાં ફેલાયો ગભરાટ**

ગાંધીધામ : પૂર્વ કચ્છના ખાણખનિજ અધિકારી તરીકે ચાર્જ સંભાળ્યાની સાથે જ એનએ પટેલ દ્વારા વિવિધ વિસ્તારોમાં ચાલતી ખનીજચોરી પર સતત અને અવિરત ધાક બેસાડતી કાર્યવાહી કરવામા આવી રહી છે. હજુ તો સામખીયાળી-સુરજબારી સહિતના પટ્ટામાં તેઓએ ખનીજચોરોને પકડયાની ઘટનાઓ સમી નથી ત્યા ફરીથી મુંદરા વિસ્તારમાં માટીચોરી કરનારાઓને શ્રી પટેલની ટીમ દ્વારા નશ્યત કરવામા આવ્યા હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે.

આ બાબતે મળતી માહીતી અનુસાર ભુસ્તરશાસ્ત્રી શ્રી એન.એ.પટેલની સુચનાથી અંજાર પૂર્વ કચ્છની તપાસ ટીમના કર્મચારીઓ દ્વારા તા. ૩ મેના રોજ વિલમાર કંપની બાજુમાં તા. મુંદરા ખાતે આકસ્મિક ચેકીંગ દરમ્યાન કુલ ચાર વાહનો-મશીનરી ક્રમશ ૧. હ્યુંડાઈ કંપનીનું એકસવેટર મશીન ડમ્પર બે જે ૧૬ ડબલ્યુ ૮૧૭૩(આશરે ૨૦ મેટ્રીક ટન), જી જે ૧૨ એ ઝૈડ ૭૫૦૨(ખાલી) જી જે ૧૨ એ વાય ૯૩૨૮ ખાલીને ગેરાયદેસર સાદી માટી ખનિજ ખનન/વહન અન્વયે અટકાવેલ હતા. અને કુલ્લ ૧૫૫ લાખનો મુદામાલ સીઝ કરી મુંદરા પોલીસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં રાખવામાં આવેલ છે. આ તપાસ અન્વયે આગળની નિયમોનુસાર કાર્યવાહીપૂર્વ કચ્છ ખાણખનિજ વિભાગ દ્વારા હાથ ધરવામા આવી છે.

શ્રી પટેલ અને તેમની ટીમ દ્વારા જિલ્લાવ્યાપી પૂર્વ કચ્છ વિસ્તારમાં એક પછી એક સતત ખનીજચોરો-માટીચોરી-રેતી ચોરી કરનારાઓની સામે લાલઆંખ કરતી કાર્યવાહી સતત ચાલુ રખાઈ રહી હોવાથી માટીચોરો અને ખનીજતસ્કરોમાં સોપો પડી જવા પામ્યો હોવાનો વર્તારો જોવાઈ રહ્યો છે.

# લખપત પટ્ટામાં સુજલામ સુફલામ નામે ખનીજચોરી કરનારાઓ સાવધાન : બિનઅધિકૃત ખનીજ ઝડપાયું






**મુરચબાણ વીસ્તારમાં સુજલામ સુફલામ યોજનાના વર્કઓર્ડર સાથે ખનીજ ખનન કરનારાઓ પર કરાઈ કાર્યવાહી : એક એકસકેવેટર, બે ડમ્પર અને એક લોડર કરાયું સિઝ : સિંચાઈ વિભાગ પાસેથી મેળવેલા દસ્તાવેજો સહિતની ક્રોસ ચકાસણીની કાર્યવાહીનો ધમધમાટ શરૂ , ટુંક જ સમયમાં દંડ અને પેનલ્ટી સહિતનો લાગી શકે છે ફટકાર**

**મુદામાલ સિઝ કરાયો છે, વેરીફીકેશનની કાર્યવાહી ચાલી રહી છે, આધારો જોયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે : શ્રી મેહુલ શાહ**

ગાંધીધામ : કચ્છના ખનીજ સંપદા પર આડેધડ લુંટ ચલાવનારાઓ પર હવે તબક્કાવાર તવાઈ બોલાવાવનુ શરૂ થવા પામ્યુ હોય તેમ લખપત પટ્ટામાં સુજલામ સુફલામ યોજનાના નામે છાની રીતે ગોઠવણીઓ કરી અને ખનીજચોરી કરનારાઓ પણ ઝપટે પડવા પામી રહ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે. આ બાબતે મળતી વધુ વિગતો અનુસાર લખપત તાલુકામાં સુજલામ સુફલામના તળાવો ઉંડા કરી અને ખનીજ નીકળતા તેના હેરફેરની મંજુરીઓ લઈ લીધી હોવાનુ કહી અને બિનઅધીકૃત રીતે ખનીજ ખોદકામ કરવામા આવતુ હોવાની આશંકાઓના પગલે તંત્રએ ત્રાટકી અને મુરચબાણ વિસ્તારમાં બિનઅધિકૃત ખનીજ પકડી પાડયું છે.

આ બાબતે જાણવા મળતી વધુ વિગતો અનુસાર મદદનીશશ્રી ફલાઈંગ સ્કવોડ ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ ભુજ કચ્છની તપાસી ટીમ દ્વારા મદદનીશ નિયામક શ્રી મેહુલકુમાર બી શાહના માર્ગદર્શન હેઠળ તા. ૧ મેના રોજ લખપત તાલુકાના મુરચબાણ ખાતે ખાનગી વાહનમાં આકસ્મિક તપાસ હાથ ધરી અને બેન્ટોનાઈટ ખનિજના બિનઅધિકૃત ખનન સબબ એક એકસવેટર મશીન, એક લોડર, તથા બે ટ્રક સિઝ કરવામા આવેલ છે. જે અંગે આગળની કાર્યવાહી ચાલી રહી હોવાનુ વિભાગની યાદીમાં જણાવવામા આવ્યું છે.

## ઉતાવળે આંબા ન પાકે...!

# સ્વાદરસિયાઓ સાવધાન : કચ્છમાં કાર્બાઈડથી પકવેલી કેરીનો બેફામ વેપલો

**કેમિકલથી પકવેલ કેરી દેખાય પીળીચટ્ટક પણ સ્વાદ અને સુગંધ અદ્રશ્ય : જન આરોગ્ય સામે ગંભીર જોખમ : કેરી કીલોના ભાવ રૂ. ૨૦૦ જયારે રસનો ભાવ રૂ.૧૨૦થી ૧૮૦ : પૈસા કમાવવાની લાલચમાં અનેક લેભાગુ વેપારીઓ કેરીના નામે ઝેર વેચી રહ્યા છે**

ભુજ : જિલ્લામાં કેરીની સીઝન શરૂ થઈ છે. ચાલુ સાલે વાતાવરણીય વિષમતાના કારણે ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હોઈ બજારમાં પણ હજુ સુધી પુરતા પ્રમાણમાં કેરીનો જથ્થો જોવા મળી રહ્યો છે. ઓછા ઉત્પાદનના કારણે ભાવ પણ આસમાને છે તે વચ્ચે દુકાનો - હાટડીઓ પર કેરીના રસની રેલમછેલમ હોઈ લોકોના આરોગ્ય સાથે લેભાગુ વેપારીઓ ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે. એક કહેવત છે કે, ઉતાવળે આંબા ન પાકે પણ કચ્છના લેભાગુ વેપારીઓ આ કહેવતને ઉંધી ઠેરવી કાર્બાઈડ સહિતના કેમિકલો વડે કેરીને પકાવી તેનું બેફામ વેપલો કરી રહ્યા હોઈ જન આરોગ્ય આરોગ્ય સાથે ગંભીર ચેડા થઈ રહ્યા છે. આ અંગેની વિગતો મુજબ અન્ય જિલ્લાઓની સરખામણીએ કચ્છમાં કેરીની સીઝન મોડી શરૂ થતી હોય છે. તેમાંય ચાલુ સાલે વાતાવરણીય પરિબળોના લીધે કેરીના પાકને નુકશાની પહોંચી હોવાનું જણાવી ઉત્પાદન પ્રમાણમાં નીચું રહેશે તેવી વાતો આંબા પકવતા ખેડૂતો કરી રહ્યા છે. જો કે, દર વર્ષે આ જ પ્રકારની વાતો પ્રારંભે સાંભળવા મળતી હોય છે અને બાદમાં બજારમાં પુષ્કળ પ્રમાણમાં જથ્થો ઠલવાતો હોય છે. દર વખતની જેમ આ વખતે પણ ઉત્પાદન ઓછું હોવાનું કારણ આગળ ધરી વેપારીઓ દ્વારા અત્યારથી જ કિંમત તો સામાન્ય કરતા પણ વધુ જ વસુલાઈ રહી છે. હજુ કચ્છની કેરી બજારમાં પહોંચી ન હોઈ હાલે જિલ્લામાં અન્ય વિસ્તારોમાંથી આવતી કેરીનું વેચાણ થઈ રહ્યું છે. જો કે, જથ્થો સીમીત હોઈ ભાવ આસમાને જોવા મળી રહ્યા છે. બીજીતરફ દુકાનો તેમજ હાટડીઓ પર કેરીના રસની રેલમછેલ જોવા મળી રહી છે, ત્યારે સવાલ એ થાય છે કે, આવક ઓછી હોવા છતાં માંગો તેટલા પ્રમાણમાં વેપારીઓ દ્વારા કેવી રીતે કેરીનો રસ પુરો પાડવામાં આવે છે. કમાઈ લેવાની લ્હાયમાં લેભાગુ વેપારીઓ એસન્સ, હલકી ગુણવતાની કેરી, પપૈયા સહિતની વસ્તુઓ ભેળવી રસ તૈયાર કરાઈ રહ્યો છે. કેરીની તુલનાએ રસની કિંમત ઓછી રખાતી હોવા છતાં લોકો પણ આ માયાજાળને સમજી શકવામાં થાપ ખાઈ રહ્યા છે. જન આરોગ્ય સાથે અમુક વેપારીઓ ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે છતાં ફુડ વિભાગ કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરવાની જ નીતિ રીતિ અપનાવી રહ્યું છે. હાલ બજારમાં કેસરથી લઈને હાફૂસ, બદામ સહિતની વિવિધ કેરીના ભાવ કિલોના રૂા.૨૦૦થી ૪૦૦ બોલાઈ રહ્યા છે. બીજી તરફ બજારમાં કેરીનો તૈયાર રસ વેચતી હાટડીઓ જિલ્લાભરમાં ઠેર-ઠેર ખુલ્લી ગઈ છે. કેમીકલ નિષ્ણાંતોના મતે કેરીને આંબા પરથી વહેલી ઉતારીને કાર્બાઈડ અને ઈથેલીન ગેસ વડે વહેલી પકવીને વેચાણ કરવામાં આવી રહ્યું છે. સ્વાદરસિયાઓ પાકી કેરી જોઈને ખરીદવાની લાલચને રોકી શકતા નથી. આવી કેરીના ઉપયોગથી આરોગ્યને ગંભીર નુકસાન પહોંચે છે. કેટલાક બાગાયતકારો દ્વારા પણ કાળઝાળ ઉનાળાના કારણે કેરીની વધુ ખપત થશેની ગણતરીએ આંબામાં હજુ સાખ ન પડી હોય તે કેરી વહેલા ઉતારીને બોકસમાં ભરીને શહેરોમાં ઠાલવી રહ્યા છે. આ કેરીઓ હોલસેલ પૈકીના કેટલાક નફાખોર વેપારીઓ દ્વારા ખરીદીને ઈથેનીલ ગેસ અથવા કાર્બાઈડ દ્વારા પીળીચટ્ટક બનાવીને બજારમાં વેચવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, કાર્બાઈડથી પકવેલી કેરી દેખાવમાં પીળી જ હોય છે. પરંતુ કેરીનો સ્વાદ કે સુગંધ હોતા નથી. કેટલાક ઉત્પાદકો અને વેપારીઓ લોકોના સ્વાસ્થ્ય કરતા નફા-નાણાંને મહત્વ આપવા લાગતા ઝેરી ફળ બનાવેલ કેરી લોકોને ધાબડવામાં આવી રહ્યાનું સાંભળવા મળે છે. કાર્બાઈડ કે ઈથેલીન ગેસથી પકવેલી કેરી આરોગ્ય માટે હાનિકારક હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હજી તૈયાર રસની તપાસનો આરંભ કરાયો છે. વાસ્તવમાં આ પ્રકારે અકુદરતી રીતે તૈયાર કરાયેલ કેરીના વેપલાને અટકાવવા માટે કોઈ નક્કર આયોજન તંત્ર દ્વારા ન કરાયાનું જાણવા મળે છે.

### પોરબંદર નજીક દરિયામાંથી ઝડપાયેલા ૬૧ કરોડના હશીશ ડ્રગ્સનો મામલો

# માંડવીનો શખ્સ દુબઈમાં જઈને ડ્રગ્સનો સોદો કરી આવ્યો અને સ્થાનિક એજન્સી અને પોલીસ ઉંઘતી ઝડપાઈ

**એક તરફ ગુજરાતમાં એટીએસ, એનસીબી, કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓ લગાતાર ત્રણ દિવસ દરિયામાંથી કરોડો રૂપિયાના ડ્રગ્સનો જથ્થો ઝડપે અને રાજ્યના વિશાળ અને સંવેદનશીલ ગણાતા જિલ્લામાં દેશની તમામ એજન્સીઓ હોવા છતાં ગંધ ન આવતા સર્જાયો પ્રશ્નાર્થ**

**ડ્રગ્સ પેડલરો અગાઉ માંડવી આવી દરિયા કિનારો જઈ ગયા બાદમાં દ્વારકાના દરિયે માલ લેવાનું નક્કી કર્યું : અગાઉ માંડવીના રેઢિયાળ પટ્ટ પર ડ્રગ્સ ન આવ્યું હોવાની સંભાવના કેટલી ? વર્ષ પહેલાં મીઠીરોહરની ખાડીમાંથી લાખોના હેરોઈનના પેકેટ ઝડપાયા બાદ તપાસના નામે કેસ બંધ**

ભુજ : ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરના વિશાળ દરિયાઈ કિનારાનો સૌથી વધુ ઉપયોગ હવે ડ્રગ્સની હેરાફેરીમાં થવા લાગ્યો છે. પાકિસ્તાનના કરાંચી સહિતના બંદરોથી ડ્રગ્સ લાવી ભારતીય સીમામાં ગુજરાતના દરિયામાંથી ડ્રગ્સ ઘૂસાડવામાં આવે છે, તો કયાંક ઈન્ટેરનેશનલ માર્કેટમાં પણ ભારતમાંથી મોકલવામાં આવી રહ્યો છે. જેમાં અમુક માલ ગુજરાતમાં વેચાય, બાદમાં પોર્ટ અને રોડ માર્ગે ઉત્તરીય રાજ્યોમાં માલ સપ્લાય કરવામાં આવે છે. તાજેતરમાં લગાતાર ત્રણ દિવસ સૌરાષ્ટ્રના દરિયામાં એટીએસ, એનસીબી અને કોસ્ટગાર્ડે વોચ ગોઠવીને હેટ્રીક કરી પાકિસ્તાન તરફથી આવતા ડ્રગ્સનો માલ ઝડપી પાડ્યો હતો. ગુજરાતના પોલીસ વડાએ પણ આ કાર્યની પ્રંશસા કરી પોલીસ કોઈપણ માર્ગે આવતા ડ્રગ્સને અટકાવવા માટે સક્ષમ છે તેમ જણાવ્યું હતું. જોકે, સિક્કાની બીજી બાજુ જોવા જઈએ તો તેમાં ફરી એકવાર કચ્છનું કનેક્શન સામે આવ્યું છે.

આ અંગેની વિગતો મુજબ ગત ૨૯ એપ્રિલના દ્વારકા નજીકના દરિયામાંથી ભારતીય બોટમાંથી ૬૧ કરોડની કિંમતના ૧૭૩ કિલો હશીશ ડ્રગ્સને ઝડપી લેવામાં સફળતા મળી હતી. મહારાષ્ટ્રના બીડ અને મુંબઈમાં રહેતા ઈસમો અરબી સમુદ્રમાં પાકિસ્તાન તરફથી આવતા ડ્રગ્સને લઈ ગુજરાત આવતા હોવાની બાતમી મળી હતી તે સમયે બોટમાંથી એટીએસ દ્વારા મહારાષ્ટ્રના મંગેશ ઉર્ફે શાહુ આરોટે અને હરિદાસ કુલાની ધરપકડ કરવામાં આવી હતી, જે બાદ સંડોવણીમાં ૩ નામો ખૂલ્યા હતા, જેમાં માંડવીના અલીઅશગર આરીફ, મહારાષ્ટ્રના કૈલાશ વેજીનાથ સનપ અને દત્તા સખારામ અંદાલેને દ્વારકાથી ઝડપી લેવામાં આવ્યા હતા. સામાન્ય રીતે પાકિસ્તાનથી બોટમાં પાકિસ્તાનના પેડલરો ડ્રગ્સ લઈને ભારતમાં આવે અને ડિલિવરી આપી જાય, પરંતુ આ કિસ્સામાં ઉલટું ચિત્ર હતું. માંડવીનો અલીઅશગર માછીમાર છે. તે અગાઉ દુબઈ ગયો હતો. જયાં ડ્રગ્સનો સોદો કરી આવ્યો. બાદમાં માંડવીથી ભાડે બોટ લઈ પાકિસ્તાન માણસો મોકલાવી ડ્રગ્સની ડિલિવરી લેવાનું નક્કી કર્યું, પરંતુ સ્થાનિકે કોઈએ બોટ ભાડે ન આપી. પાકિસ્તાન સુધી બોટ લઈ જવાની હોઈ કચ્છના માછીમારોએ બોટ ભાડે ન આપતા દ્વારકાના સલાયામાં જઈ માછીમારી માટે બોટ ભાડે લેવાઈ, જેમાં મંગેશ અને હરિદાસ પાકિસ્તાન જવા નીકળ્યા. રસ્તામાં બોટના માલિકે બોટ પાકિસ્તાન નહીં જાય તેમ કહી પ્રતિકાર કરતા ધાકધમકી કરી બંદુકની અણીએ અપહરણ કરી અવાજ ડામી દેવામાં આવ્યો હતો. તેઓ પાકિસ્તાન જઈ કેરબામાં ડ્રગ્સ લઈ આવ્યા. દ્વારકા નજીક પહોંચી આવ્યા જ્યાં ઝડપાઈ ગયા. કોસ્ટગાર્ડે આ બન્નેને ઝડપ્યા અને એટીએસએ માંડવીના શખ્સ સહિત ડ્રગ્સ લેવા ઉભેલા મહારાષ્ટ્રના બે શખ્સોને દ્વારકામાંથી ઉઠાવી લીધા. આ દરમ્યાન પૂછપરછમાં સામે આવ્યું કે માંડવીના અલીઅશગરના પાકિસ્તાનના ફીદાઅલી નામના ડ્રગ્સના મોટા વ્યવસાયકાર સાથે સારા સંબંધો છે. દુબઈમાં આવેલી સોમાલિયા કેન્ટીનમાં મિટીંગ થઈ હતી અને નશીલા દ્રવ્યોની હેરાફેરી બાબતે સોદો થયો. માલ મહારાષ્ટ્રના કૈલાશે મંગાવ્યો હતો. અલીઅશગરે પાકિસ્તાનથી માલ લાવવામાં વચેટિયાની ભૂમિકા ભજવી હતી. મહત્ત્વનો મુદ્દો એ છે કે માંડવીનો શખ્સ દુબઈમાં જઈ ડ્રગ્સનો સોદો કરી આવ્યો. માલ દ્વારકા નજીક પહોંચી આવ્યો ત્યારે એટીએસની સફળ કામગીરીથી મનસૂબો સાકાર ન થયો, પરંતુ સ્થાનિકે માંડવી પોલીસ, મરિન પોલીસ, આઈબી, એસઓજી સહિતની ગુજરાત પોલીસ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ ગુપ્તચર શાખાઓ ઉંઘતી ઝડપાઈ હોવાનો સિનારિયો છે. અગાઉ ભૂતકાળમાં કચ્છના દરિયા કાંઠે ડ્રગ્સ આવતું અટકાવવા માટે અખંડ ભારત પોલીસ મિત્ર, તાજેતરમાં સ્પોર્ટસ મીટ, દરિયાઈ ગામોમાં સંવાદ સહિતના કાર્યક્રમો યોજવા છતાં સ્થાનિકે કોઈ માહિતી પોલીસને ન મળતી હોય તો તે મોટી બાબત છે. અગાઉ કેટલી વખત ડ્રગ્સ આવી ગયું હશે તેની પણ શું ખબર ? વર્ષ પહેલાં મીઠીરોહરની ખાડીમાંથી જે પેકેટ મળ્યા તેમાં તપાસના અંતે પણ કોઈ કડી ન મળી તેમજ અવાર નવાર જખૌથી માંડી લખપત અને માંડવીથી મુંદરા સુધીના દરિયા કિનારામાં છૂટાછવાયા મળતા પેકેટો બાબતે પણ કોઈ મૂળ સુધી પહોંચી શકવામાં સફળતા પ્રાપ્ત થઈ નથી, જે હકીકત છે.

**માલ બોલીવુડમાં સપ્લાય કરવાનો હતો ?**

માલ મંગાવનાર કૈલાશ વેજીનાથ સનપનું બોલીવુડ કનેક્શન સામે આવ્યું છે. થોડા સમય અગાઉ તેણે મહારાષ્ટ્રની મરાઠી ફિલ્મ પ્રોડ્યુસ કરી હતી. જોકે, તે રિલીઝ ન થઈ. કૈલાશ આ માલ ગુજરાતના દરિયામાં લેન્ડ કરી મહારાષ્ટ્ર લઈ જવાનો હતો, જેથી બોલીવુડ સાથે આ પ્રકરણ સંડોવાયેલું હોવાની ચર્ચા તેજ બની છે. ગુજરાત એટીએસ દ્વારા દિશામાં તપાસ હાથ ધરાઈ છે. અગાઉ નામાંકિત અભિનેતાઓ પણ ડ્રગ્સ કેસમાં સંડોવાઈ ચૂક્યા છે.

# કચ્છમાં ટીબીના ૧૫૦૦ થી વધુ દર્દીઓની ચિંતામાં વધારો

**રાજયના અન્ય વિસ્તારોની સાથોસાથ કચ્છમાં પણ ઉપલીકક્ષાએથી દવાનું વિતરણ ઠપ્પ થતા નિયમિત દવા લેનારા દર્દીઓના કેન્દ્રએ પૂછપરછના ધરમધક્કા**

ભુજ : કચ્છ જિલ્લામાં રાજય સરકારના માર્ગદર્શન અન્વયે આરોગ્ય વિભાગ દ્વારા કરાયેલ કાર્યવાહી અંતર્ગત ટીબીના ૧૫૫૦ દર્દીઓ નોંધાયેલા છે. જેઓને સરકારી કેન્દ્રો પરથી નિયમિત લેવાની દવાનો જથ્થો પૂરો પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા થોડા સમયથી રાજયના અન્ય વિસ્તારોની સાથોસાથ જિલ્લામાં પણ ટીબીની દવાના જથ્થાનું વિતરણ ઠપ્પ થતા દરરોજ દવા લેનાર દર્દીઓ પરેશાનભરી સ્થિતિમાં મૂકાયાનું જાણવા મળે છે.

આ અંગેની વિગતો મુજબ ટીબી રોગને જાકારો આપવા, આ રોગના શંકાસ્પદ દર્દીઓને શોધી કાઢવા અને મળી આવેલા દર્દીઓને દવા-સારવારનો પૂરતો ડોઝ સમયસર મળી રહે તે માટે રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા અભિયાન ચલાવવામાં આવે છે.

અનુસંધાન પાના નં.૫ પર


॥ જય દરિયાલાલ ॥

તૃતિય વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ.અમૃતલાલ ગાંગજીભાઈ પુજારા (ઠક્કર)

(ઉ.વ.૮૩) સ્વ. તા. ૪-૫-૨૦૨૧, આદિપુર

(ટ્રસ્ટી-પ્રમુખ : આધોઈ પુજારા દરિયા સ્થાન મંદિર)

(પૂર્વ પ્રમુખશ્રી આદિપુર લોહાણા સમાજ)

સ્નેહના સિંચેલા ઉપવનમાં સૌ સાથે કિલ્લોલ કરતા હતા, મસ્ત હતા તમારી છત્રછાયામાં,ન હતી ફિકર કે ન કોઈ ચિંતા. તમે માર્ગદર્શક હતા અમારા.... અચાનક સરકી સ્મૃતિના અતિતમાં દિગ્મૂઢ બનાવી દીધા અમ સૌને... પરમાત્મા દિવ્ય આત્માને સદાય શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ભગવતીબેન અમૃતલાલ પુજારા (ધર્મપત્ની)

ઠા. મનોજ અમૃતલાલ પુજારા (પુત્ર) | સ્વ. ધીરજલાલ અમૃતલાલ પૂજારા (પુત્ર)

ગીતા મનોજ પુજારા (પુત્રવધુ) | સ્વ. તરૂણાબેન મુળજીભાઈ સચદે (દીકરી-જમાઈ)

યશ્વી વિનય પુજારા (પૌત્ર-પૌત્રવધુ) | હેશા વિનય પુજારા (પરપૌત્રી)

સોનાલી મનોજ પુજારા (પૌત્રી)

YOUR PRESENCE IS GREATLY MISSED

BHAGWATI SALES AGENCIES - GANDHIDHAM



હાર્દિક અભિનંદન

શ્રી ધીરજપુરી દોલતપુરી ગોસ્વામી



પ્રમુખશ્રી, ભુજ દશનામ ગોસ્વામી જ્ઞાતિ, ભુજ-કચ્છ.

આપશ્રીની ભુજ દશનામ ગોસ્વામી સમાજના ત્રીજી ટર્મ માટે બિનહરીફ પ્રમુખપદે વરણી થવા બદલ ખૂબ-ખૂબ અભિનંદન... શુભેચ્છાઓ...

-:: શુભેચ્છક ::-

કિરણ મુરજીભાઈ ગણાત્રા • લક્ષ્મણ મનજી વરસાણી

કૌશલ કિરણભાઈ ગણાત્રા • વિજય બી. ત્રિપાઠી

અરવિંદ કે. સોની • વિપુલ એન. ઠક્કર

ભુમીતગીરી એમ.ગોસ્વામી

ભુજ-કચ્છ


# નાના ભાડિયા અને અંજારમાં બે યુવતીના આપઘાત

**પ્રાગપર નજીક કેનાલમાં ડૂબી જતા બિહારના યુવાનનું મોત**

ભુજ : જિલ્લામાં અકસ્માત-અપમૃત્યુના ત્રણ બનાવો સામે આવ્યા છે. જેમાં માંડવીના નાના ભાડિયામાં પરિણીતાએ જ્યારે અંજારમાં યુવતીએ આપઘાત કર્યો હતો. આ તરફ મુન્દ્રાના પ્રાગપર નજીક કેનાલમાં ડૂબી જવાના કારણે બિહારના યુવાનનું મોત થયું હતું.

માંડવી તાલુકાના નાના ભાડિયા ગામે રહેતા ૨૭ વર્ષિય પૂજાબેન મુકેશભાઈ મહેશ્વરી નામની પરિણીતાએ પોતાના ઘરે આપઘાત કરી લીધો હતો. ગઈકાલે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં પતિ-પત્નીએ ઘરે ચા-નાસ્તો કર્યો, બાદમાં લાઈટ જતી રહેતા પતિ ઘરની બહાર ગયો અને અડકો કલાક પછી આવતા ઘરનો દરવાજો અંદરથી બંધ હતો. ખખડાવતા કોઈએ ખોલ્યો નહીં જેથી દરવાજો તોડીને અંદર જતા પત્નીએ પંખામાં દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. જેથી માંડવી મરીન પોલીસમાં એડી દાખલ કરવામાં આવી છે, જ્યારે મુન્દ્રામાં પ્રાગપર ચોકડી નજીક મોટા કપાયાથી ભોરારા

અનુસંધાન પાના નં.૫ પર

# ચૂંટણી અનુસંધાને કચ્છમાં ૧૬ ગુનેગાર ‘પાસા’માં ફીટ

**પૂર્વ કચ્છમાં ૧૦ હજાર વ્યક્તિ સામે અટકાયતી પગલા લેવાયા : જિલ્લામાં ૧૬૬૮ હથિયાર જમા કરાવાયા**

ભુજ : લોકસભા ચુંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પોલીસની કામગીરીમાં વધારો થયો છે. આમ, તો આચારસંહિતા અમલમાં આવી ત્યારથી કામગીરીમાં વધારો થયો છે. પરવાનાવાળા હથિયારો કબજે લેવા સાથે ગેરકાયદે હથિયારો જપ્ત કરવા, પોલીસ ચેકપોસ્ટ મધ્યે ચેકિંગ કરવું એ ઉપરાંત મતદાન મથકોએ સુરક્ષા વ્યવસ્થા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીની જવાબદારી વધી ગઈ છે. તેવામાં આ વખતે ભાજપના પરસોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવામાં આવતા બંદોબસ્તની કામગીરીમાં વધારો થયો હતો ત્યારે પૂર્વ કચ્છ જિલ્લામાં ચૂંટણી અનુસંધાને પોલીસ દ્વારા ૧૩ વ્યક્તિને પાસા અને ૧૪ને તડીપાર કરાયા હોવાની વિગત પ્રાપ્ત થઈ છે. જ્યારે પશ્ચિમ કચ્છમાં ચૂંટણી આચારસંહિતા લાગુ થઈ ત્યારથી અત્યાર સુધી ૩ વ્યક્તિને પાસા હેઠળ વિવિધ જેલોમાં મોકલી દેવામાં આવ્યા છે.

રાજયના ડીજીપી વિકાસ સહાય અને બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયાની સુચનાથી પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પૂર્વ કચ્છના અંજાર અને ભચાઉ ડીવીઝન હેઠળના પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ, જુગાર, અસામાજિક પ્રવૃત્તિઓ કરતા તત્વો તથા જાણીતા બુટલેગરો સામે કડક કાર્યવાહી કરવા એલસીબી, એસઓજી તથા પોલીસ સ્ટેશન દ્વારા પગલાં લેવાયા છે. જેમાં અત્યાર સુધી ૧૦,૦૮૨ વ્યક્તિ સામે અટકાયતી પગલાં લેવાયા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત જિલ્લામાં ૬૬૨ હથીયાર જમા લેવાયા છે. સામખિયાળી અને આડેસર ચેકપોસ્ટે ૨૪ કલાક ચેકિંગ સાથે દરેક પોલીસ સ્ટેશનો દ્વારા ચેકપોસ્ટ બનાવીને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. હથિયારની જો વાત કરીએ તો કલેક્ટરની સૂચના અનુસાર અલગ અલગ પોલીસ સ્ટેશનો પરવાનેદારોને હથિયાર જમા કરાવવા તાકીદ કરાઈ હતી. જે બાદ ૧૬૬૮ હથિયાર જમા થયા છે. મંગળવારે મતદાન હોવાથી સોમવારે ચૂંટણી સ્ટાફને ઈવીએમ અને વીવીપેટની ફાળવણી થશે જેથી સ્ટાફ બુથ પર જવા રવાના થશે. હાલમાં આજથી સંવેદનશીલ બુથ પર પોલીસ સ્ટાફ તૈનાત કરી દેવામાં આવ્યો છે. તેમજ ગુપ્તચર શાખા પણ એક્શન મોડમા આવી ગઈ છે.